RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 205 Dt. 18-02-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### નરેન્દ્ર મોદી-ઈમેન્યુઅલ મેક્રોને કર્યા ૨૧ કરારો

## ભારત-ફ્રાન્સ ભાગીદારીની કોઈ મર્યાદા નથી : મોદી

### સંરક્ષણ, કૌશલ્ય, ટેકનોલોજી અને આરોગ્ય જેવા મુખ્ય ક્ષેત્રોનો થશે વિકાસ : ઈન્ડો- પેસિફિક ક્ષેત્રે વધશે ભારતનું પ્રભુત્વ

નવીદિલ્હી, તા. ૧૭

મુંબઈમાં યોજાયેલી ભારત-ફ્રાન્સ સમિટ દરમિયાન, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ઉપસ્થિત રહ્યા હતા, બંને દેશો વચ્ચે સહયોગના વિવિધ ક્ષેત્રોમાં ૨૦ થી વધુ કરારોની જાહેરાત કરવામાં આવી હતી. આમાં સંરક્ષણ, કૌશલ્ય, ટેકનોલોજી અને આરોગ્ય જેવા મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આ કરારો બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને નવી ગતિ આપશે. સમિટ દરમિયાન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન અને પીએમ મોદીએ કર્ણાટકમાં ઈ૧૨૫ હેલિકોપ્ટરની અંતિમ એસેમ્બલી લાઇનનું વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું. આ પ્રસંગે ભારત અને ફ્રાન્સના સંરક્ષણ પ્રધાનો કર્ણાટકમાં હાજર હતા.

આ એરબસ અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ વચ્ચેનું સંયુક્ત સાહસ છે. 'મેક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ સ્થાપિત આ એસેમ્બલી લાઇનને ભારતમાં સંરક્ષણ અને એરોસ્પેસ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં, પીએમ મોદીએ કહ્યું કે નવી દિલ્હી અને પેરિસ વચ્ચેની ભાગીદારી અમર્યાદિત છે અને ''સૌથી ઊંડા મહાસાગરોથી લઈને સૌથી ઊંચા પર્વતો સુધી'' પહોંચે છે.

કર્ણાટકમાં H125 હેલિકોપ્ટરની અંતિમ એસેમ્બલી લાઇનના ઉદઘાટનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, ''અમને ગર્વ



છે કે ભારત અને ફ્રાન્સ સંયુક્ત રીતે વિશ્વનું એકમાત્ર હેલિકોપ્ટર બનાવશે જે ભારતમાં માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈઓ સુધી ઉડવા માટે સક્ષમ છે અને તેને સમગ્ર વિશ્વમાં નિકાસ કરશે.'' પીએમ મોદીએ કહ્યું કે ૨૦૨૬નું વર્ષ ભારત-યુરોપ સંબંધોમાં એક વળાંક છે. અમે ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર ફોર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઇન હેલ્થ, ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર ફોર ડિજિટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સ્કિલિંગ ઇન એરોનોટિક્સની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ફ્રાન્સ વચ્ચેનો સંબંધ ખરેખર અનોખો છે. ફ્રાન્સ ભારતના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદારોમાંનો એક છે, અને રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના નેતૃત્વ હેઠળ, આ ભાગીદારીએ અભૂતપૂર્વ ઊંડાણ અને નવી ગતિશીલતા પ્રાપ્ત કરી છે. તેમણે કહ્યું, ''પરસ્પર વિશ્વાસ અને સહિયારા દ્રષ્ટિકોણના મજબૂત પાયા પર બનેલો આ સંબંધ હવે ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે ઉન્નત થઈ રહ્યો છે. આ સહયોગ ફક્ત વ્યૂહરચના સુધી મર્યાદિત નથી; આ તોફાની સમયમાં, તે વૈશ્વિક સ્થિરતા અને પ્રગતિ માટે પ્રતિબદ્ધ મજબૂત ભાગીદારી તરીકે ઉભરી રહ્યું છે.' સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું, ''ભારતની મારી ચોથી સત્તાવાર મુલાકાત પર મળેલા ઉષ્માભર્યા સ્વાગત બદલ હું તમારો આભાર માનું છું. ભારત અને ફ્રાન્સ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો ખરેખર અસાધારણ અને અનોખા છે. તે વિશ્વાસ, ખુલ્લાપણું અને મહત્વાકાંક્ષા પર આધારિત છે. આજે, અમે આ ભાગીદારીને એક નવા સ્તરે વધારવાનો નિર્ણય લીધો છે, તેને ખાસ વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે લઈ જઈએ છીએ. આ કોઈ શંકા વિના છે કારણ કે અમને આ સંબંધમાં સંપૂર્ણ વિશ્વાસ છે, અને અમે છેલ્લા આઠ વર્ષથી આ ભાવનાથી આગળ વધી રહ્યા છીએ.''

દર વર્ષે વિવિધ ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરીને, અમે નવા માર્ગો મોકળા કર્યા છે. પછી તે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર હોય કે ટેકનોલોજી, જ્યાં કોઈનું વર્ચસ્વ ન હોવું જોઈએ. અમે કાયદાના શાસનમાં દ્રઢપણે માનીએ છીએ અને વર્ષોથી વ્યવહારમાં આ દર્શાવ્યું છે. પછી ભલે તે IMEC હોય, જેને અમે સંયુક્ત રીતે શરૂ કર્યું હોય, કે પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ જેવા મુદ્દાઓ. છેલ્લા આઠ વર્ષમાં, અમે સાથે મળીને ઘણી મહત્વપૂર્ણ પહેલ કરી છે.

## ભારત ડેટા સેન્ટરોમાં ૨૦૦ બિલિયન ડોલરનું મેળવશે રોકાણ

### ડેટા સેન્ટરો માટે વિશેષ યોજનાઓ : ૨૦30 સુધીમાં ક્ષમતા ૮0W થી વધુની થશે

નવીદિલ્હી, તા. ૧૭

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે, ભારત બે વર્ષમાં ૨૦૦ બિલિયન ડોલરથી વધુ ડેટા સેન્ટર રોકાણ મેળવવાની યોજના ધરાવે છે, જેનો હેતુ વૈશ્વિક ડેરા હલ બનવાનો છે. મોદીના રોકાણ અને કર પ્રોત્સાહનોના આહ્વાનને સમર્થન આપીને, ભારત તેની ડેટા સેન્ટર ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવા માંગે છે, જે ૨૦30 સુધીમાં 80W થી વધુ સુધી પહોંચશે. આ વિસ્તરણ દેશના ડિજિટલ અર્થતમને મજબૂત બનાવતા, 30 બિલિયન મૂડી ખર્ચ પેદા કરવાનો અંદાજ છે.

ભારતને વિશ્વનું ડેટા હબ બનાવવાનું લક્ષય રાખીએ છીએ. ૧૫ ફેબ્રુઆરીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને વૈશ્વિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એઆઈ હબ તરીકે રજૂ કર્યા પછી વિશ્વભરના રોકાણકારો, કંપનીઓ અને સરકારોને ભારતના ડેટા સેન્ટરોમાં રોકાણ કરવા માટે આહ્વાન કર્યા પછી આ જાહેરાત કરવામાં આવી છે.

ભારતની એક અગ્રણી આંતરરાષ્ટ્રીય ડેટા ભાગીદાર તરીકેની મહત્વાકાંક્ષા પણ તાજેતરના કેન્દ્રીય બજેટ પછી સ્પષ્ટ થઈ ગઈ, જેમાં દેશભરમાં ડેટા સેન્ટર વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ માટે કર પ્રોત્સાહનો અને છૂટછાટો રજૂ કરવામાં આવી હતી. જેમાં ૧૫ ટકા માર્જિન સાથે રોફ હાર્બર નિયમો હેઠળ આવરી લેવામાં આપની ડેટા-સેન્ટર સેવાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

મંગળવારે, સમિટમાં વિવિધ સત્રોમાં નિષ્ણાતોએ ભારતમાં મજબૂત ડેટા-સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાના પડકારો પર પણ થર્યા કરી, જેમાં આંતરરાષ્ટ્રીય વકતાઓએ



આ ક્ષેત્રમાં તેમના અનુભવો શેર કર્યા હતા. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ માટે ઈમર્જિય એન્ડ ક્રિટિકલ ટેકનોલોજી પોલિસીના કાર્યકારી ડેપ્યુટી ડિરેક્ટર ડેનિયલ ઓટ્સ મંગળવારે સવારે એક સત્રમાં જણાવ્યું હતું કે ડેટા સેન્ટર નેતૃત્વનું ભવિષ્મ ફકત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર જ નહી પરંતુ તેને ઉર્જા અને નમીનતા સહિત અર્થતંત્ર વિકસાવવાના અન્ય પાસામાં સાથે સંકલિત કરવા પર પણ આધારિત રહેશે. પુએસ આ જીવંત ઈકોસિસ્ટમમાં યોગદાન આપવા માટે વાંબા માળાની ક્ષમતાઓ બનાવવા માટે વિશ્વ સાથે ભાગીદારી કરવા માગે છે.

### મમતા બેનર્જીએ કહ્યું, પાછળ નહીં હટુ. જો કેટલાક લોકો ૪૨૦ છે, તો હું ૪૪૦ છું

## ઈલેક્શન કમિશન 'તુઘલખી' પંચ : મમતા

નવીદિલ્હી, તા. ૧૭

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંગે ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા. તેમણે પંચને ''ત્રાસ પંચ'' ગણાવ્યું અને તેના પર હિટલર-તુઘલકી શૈલીમાં કામ કરવાનો આરોપ લગાવ્યો. બેનર્જીએ પ્રશ્ન કર્યો કે શું ''તુઘલકી પંચ'' ચૂંટણીઓ કરાવે છે. તેમણે આરોપ લગાવ્યો કે કમિશન જિલ્લા મેજિસ્ટ્રેટને સૂચનાઓ જારી કરી રહ્યું છે અને ચેતવણી આપી કે તેમનો પક્ષ માન્ય મતદારને દૂર કરવામાં કોઈપણ પ્રકારનો સખત વિરોધ કરશે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે તેમની સરકાર ન્યાયી SIR પ્રક્રિયા હાથ ધરવા માટે ચૂંટણી પંચને સંપૂર્ણ સહયોગ કરશે, પરંતુ કોઈપણ મનસ્વીતાને સહન કરવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું હતું કે તેઓ પંચમાં દરેકને દોષી ઠેરવી રહ્યા નથી, પરંતુ એક વ્યક્તિને જવાબદાર ઠેરવી રહ્યા છે અને જાહેર હિતમાં જેલમાં જવા અથવા કોઈપણ બલિદાન આપવા તૈયાર છે. મમતા બેનર્જીએ કહ્યું, ''હું પાછળ હટીશ નહીં. જો કેટલાક લોકો ૪૨૦ છે, તો હું ૪૪૦ છું.''

તેમણે પ્રશ્ન કર્યો કે બિહારમાં SIR પ્રક્રિયા દરમિયાન મંજૂર કરાયેલા દસ્તાવેજો પશ્ચિમ બંગાળમાં કેમ અમાન્ય કરવામાં આવ્યા. મુખ્યમંત્રી મમતા બેનર્જીના મતે, બિહારમાં SIR પ્રક્રિયા ૧૧ મુદ્દાઓ પર આધારિત હતી, જ્યારે બંગાળમાં કમિશને તેના માટે ૧૩ મુદ્દાઓ નક્કી કર્યા છે. તેમણે પૂછ્યું કે સક્ષમ અધિકારી દ્વારા તૈયાર કરાયેલ કુટુંબ રજિસ્ટર બિહારમાં કેમ સ્વીકારવામાં આવ્યું, પરંતુ બંગાળમાં નહીં.

મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે લોગિન એક્સેસ નિર્ધારિત સમય પહેલાં પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર પ્રક્રિયા પર અસર પડી. AERO અધિકારીઓના સસ્પેન્શન પર પ્રશ્ન ઉઠાવતા



તેમણે કહ્યું કે સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓને તેમનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી ન હતી, જે સંપૂર્ણપણે નિરંકુશ નિર્ણય છે. બંગાળના મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે સમગ્ર SIR પ્રક્રિયા ગેરકાયદેસર છે અને તેમણે તેમના રાજકીય કારકિર્દી માં ક્યારેય આ પ્રકારનો 'તુઘલકી કમિશન' જોયો નથી.

તેમણે આરોપ લગાવ્યો કે ભારતનું ચૂંટણી પંચ રાજકીય પક્ષના ઈશારે કાર્ય કરી રહ્યું છે અને તેના કાર્યો દેશની બંધારણીય વ્યવસ્થાની વિરુદ્ધ છે. બંગાળના મુખ્યમંત્રીએ એવો પણ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ લઘુમતીઓ, ઘઈઈ, આદિવાસીઓ અને રાજવંશી સમુદાયને નિશાન બનાવી રહ્યું છે. SIR અંગે મમતાએ પ્રશ્ન કર્યો કે છેલ્લા ૨૪ વર્ષમાં તેનો અમલ કેમ નથી થયો અને તહેવારોની મોસમમાં હવે આટલી ઉતાવળ કેમ બતાવવામાં આવી રહી છે.

## ગુજરાતમાં ૪.૪૦ કરોડ મતદાર, SIRની અંતિમ યાદી પ્રસિદ્ધ

### રાજ્યમાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદાર નોંધાયેલા હતા : આખરી યાદીમાં ૪,૪૦,૩૦,૭૨૫ મતદારો : ૩.૯૫ લાખ નામ રદ



રાજકોટ, તા. ૧૭

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશની સતત સાડા ત્રણ માસ સુધી હાથ ધરવામાં આવેલી. વિવિધ તબક્કાઓની અસરકારક કામગીરી બાદ આજ રોજ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી હક્ક-વાંધા-દાવાઓ ૧૯ ડિસેમ્બર થી લઈ ૩૦ જાન્યુઆરી દરમિયાન રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તા.૧૦મી ફેબ્રુઆરી,૨૦૨૬ સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલ પણ કરવામાં આવ્યો હતો. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે ૩૪ જિલ્લા ચૂંટણી અધિકારી, ૧૮૨ મતદાર નોંધણી અધિકારી, ૮૫૫ સહાયક મતદાર નોંધણી અધિકારી, ૫૦,૯૬૩ ઇક્ઘ તથા અનેક સ્વંય સેવકોની સક્રિય સહભાગિતા રહી હતી. નિયત સમયર્યાદામાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો પૈકી ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા હતા. આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઇઝેશન કરવામાં આવ્યું હતું.

મતદાર સુધારણા ની કામગીરીને લઈને અનેક વિવાદો અને અવરોધ પણ ઉભા થયા હતા ત્યારે ચૂંટણી પંચની સુજબુજ અને સ્થાનિક પ્રશાસનની કામગીરીના પગલે અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. બુટ લેવલ ઓફિસરો દ્વારા ડોર ટુ ડોર ખાસ સર્વે કરવામાં આવ્યો હતો. ત્યારે જે નામ કમી થયા છે તેની અસર આગામી સ્થાનિક પ્રશાસનની ચૂંટણીઓ તથા વિધાનસભાની ચૂંટણીઓ પણ કેવી પડશે તે અંગે અનેકવિધ ચર્ચાઓ થઈ રહી છે. તો સામે પાંચ લાખથી વધુ મતદારોના નામનો ઉમેરો પણ અંતિમયાદીમાં કરવામાં આવ્યો છે. હાલ બોર્ડ પરીક્ષા પૂર્ણ થતાની સાથે જ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓ ની તારીખો જાહેર કરી દેવામાં આવે તેવું હાલ ચિત્ર ઊભું થયું છે.

BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોંધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદાર નોંધાયેલા હતા. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા ૪,૩૪,૭૦,૧૦૯ રહેવા પામી હતી અને આખરી મતદાર યાદીમાં ૪,૪૦,૩૦,૭૨૫ મતદારોના નામ રહેવા પામ્યા છે. આમ, મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ ૫.૬૦ લાખ મતદારોનો વધારો આખરી મતદાર યાદીમાં થયો છે. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન અવસાન પામેલા, કાયમી સ્થળાંતર કરી ગયેલા, ગણતરી દરમિયાન ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બૂથ લેવલ ઓફિસર અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી હતી.

### આ દૂષણ એવુ છે કે પોલીસના લાખ પ્રયાસો છતાં મુળીયામાંથી ઉખેડવું મુશ્કેલ

# એકાવનના પંચ્યાસી લાખ વસુલ્યા પછી માંગ્યા વધુ પાંત્રીસ

## વેપારીના ઘરમાં ઘુસી પઠાણી ઉઘરાણી કરીને સીન જમાવી કહ્યું-તું તારે પોલીસ બોલાવી લે હું અહિ જ બેઠો છું: ધમકી દઇ ભાગ્યા બાદ કલાકોમાં પોલીસે પકડીને કરી કાર્યવાહી

રાજકોટ,તા.૧૭

વ્યાંજકવાદની ઘટનાઓ અટકતી જ નથી. આ દુષણને ડામવા માટે પોલીસ સતત પ્રયાસો કરે છે. પરંતુ આમ છતાં વ્યાજખોરી સંપુર્ણ કાબુમાં આવી નથી એ હકિકત છે. વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એકાવન લાખ વ્યાજે લીધા હોઇ તેની સામે પંચ્યાસી લાખ ચુકવી દીધા છતાં વેપારીને તેના ઘરમાં ઘુસી હેરાન કરી પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી હોઇ વેપારીએ ના છુટકે પોલીસને જાણ કરી હતી. વ્યાજખોરે ઘરમાં આવી તારે પોલીસ બોલાવવી હોય તો બોલાવી લે હું અહિ જ બેસુ છું તેમ કહી ગુંડાગીરી આચરી હતી. સીસીટીવી કેમેરામાં બધુ રેકોર્ડ થઇ ગયું હોઇ પોલીસે ગણતરીના કલાકોમાં વ્યાજખોરને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતમાં ઝીંગાના વેપારીએ ટૂકડે-ટૂકડે વ્યાજે લીધેલા એકાવન લાખ સામે ચાર વર્ષમાં ચોત્રીસ લાખ વ્યાજ સાથે પંચ્યાસી લાખ ચૂકવી દેવા છતાં વધું પાંત્રીસ લાખની માંગણી કરતી ધમકી આપનારા નામચીન ફાયનાન્સર સામે પોલીસ ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી. ત્યારે ઝીંગાના વેપારી પાસે તેના જ ઘરમાં ઘૂસી પઠાણી ઉઘરાણી કરતો વીડિયો સામે આવ્યો છે. જેમાં વીડિયો બનતો હોવા છતાં અને પોલીસને બોલાવી હોવાનું કહ્યું હોવા છતાં પણ કહે છે કે પોલીસ બોલાવી છે તો હું બેસું. ઝીંગાના વેપારીએ ફરિયાદ નોંધાવતા વ્યાજખોર આનંદ ચાસિયાની ગણતરીની કલાકોમાં પકડી લીધો હતો. પોલીસસ સુત્રોએ કહ્યું કે પાલનપુર પાટિયા વિસ્તારની દીનદયાળ સોસાયટીમાં રહેતાં સુશીલ દિનેશભાઈ પટેલ ઝીંગા ઉછેર અને ખેતી કરે છે.

તેમણે પાંચ વર્ષ પહેલાં કોરોના લોકડાઉન દરમિયાન સુશીલને ધંધામાં નુકસાન થયું હતું. ધંધા માટે રૂપિયાની જરૂરિયાત ભી થતાં તેણે તેના મિત્ર હિરેન સુરતીને વાત કરી હતી. હિરેને વ્યાજે રૂપિયા અપાવવાનું કહી સુશીલની મુલાકાત આનંદ બાલુભાઇ ચાસીયા સાથે કરાવી હતી. આનંદે માસિક પૂ વ્યાજે રૂપિયા આપવાની તૈયારી બતાવી હતી. જોકે, સાથે જ તેણે સીક્યુરિટી પેટે સુશીલની ઓલપાડનાં મંદરોઇ ગામે આવેલી જમીનના અસલ દસ્તાવેજ, રહેણાંકનાં મકાનના દસ્તાવેજ પણ માંગ્યા હતા. આર્થિક




ભીંસમાં મૂકાયેલા સુશીલે શરતો માન્ય રાખી અને જરૂરિયાત અનુસાર ટૂકડે-ટૂકડે કુલ એકાવન લાખ રૂપિયા ચાસીયા પાસે લીધા હતાં.

થોડા સમય બાદ આનંદ ચાસીયા અવારનવાર કોલ કરીને તથા ઘરે જઈ સુશીલને ધાક ધમકી આપી વ્યાજની માંગણી કરવા માંડ્યો હતો. સુશીલે આ મામલે સબંધીઓ અને મિત્રોને વાત કરી હતી. જેમાં મિત્ર પ્રદીપ નાયકે તેને ૧૫ લાખની મદદ કરી હતી. આ રકમ સુશીલે આનંદ ચાસીયાને આપી હતી. ત્યારબાદ પણ તે ઉઘરાણી કરી ધમકાવતો રહ્યો હતો. સુશીલે અન્ય મિત્રો પાસે મદદ લઇ તથા પત્નીના ઘરેણાં વેચી બીજા પંદર લાખ ચાસીયાને આપ્યા હતાં. આ રીતે ત્રીસ લાખ રૂપિયા લેવા દરમિયાન આનંદ ચાસીયાએ સુશીલ પાસેથી તેની જમીનનો સાટાખત પણ લખાવી લીધો હતો. ગત જાન્યૂઆરી મહિનામાં ચાસીયા ફરી સુશીલના ઘરે ગયો હતો. તેમજ તેણે સુશીલની પત્રી સાથે રૂપિયા મામલે ઝઘડો કર્યો હતો. આ સાથે જ એક મહિનામાં રૂપિયા નહીં ચૂકવે તો બંનેને જાનથી મારી નાંખીશ એવી ધમકી આપી હતી. ગભરાઈ ગયેલા સુશીલે આનંદ ચાસીયાનાં ત્રાસથી છુટવા મંદરોઇમાં આવેલી જમીન વેચી દેવાનું નક્કી કર્યું હતું. તેણે છવ્વીસ વીઘા જમીન પૈકી આઠ વીઘાનાં ખેતર વેચી તેમાંથી મળેલી રકમ પૈકી રોકડા ૪૫ લાખ રૂપિયા આનંદ ચાસિયાને આપ્યા જ્યારે તેની પત્રી રેશમ હરિશભાઈ જાનીના એકાઉન્ટમાં ૧૦ લાખ મળી કુલ ૫૫ લાખ આપી દીધા હતાં. આ રીતે ટૂકડે ટૂકડે આપેલા ૫૧ લાખ રૂપિયા સામે આનંદ ચાસીયાએ ધાક ધમકી આપી પંચ્યાસી લાખ રૂપિયા પડાવ્યા હતાં. ચાસીયાએ ઘર તથા જમીનના અસલી દસ્તાવેજો પરત આપવા માટે વધુ ૩૫ લાખની માંગણી કરી હતી. એટલું જ નહીં ત્રીજી ફેબ્રુઆરીએ ચાસીયાએ સુશીલના ઘરે જઈ તેની પત્નિ અને માતા-પિતાને ગાળો ભાંડી ધમકી આપી હતી.

ઘરમાં ઘૂસીને પઠાણી ઉઘરાણી કરવાનો વિડીયો પણ સામે આવ્યો છે. જેમાં આનંદ ચાસિયાને ખબર હતી કે, વીડિયો બની રહ્યો છે છતાં પણ તેણે પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. આ સાથે જ્યારે તેને કહેવામાં આવ્યું કે પોલીસને બોલાવવામાં આવી છે તો ત્યારે તેણે જણાવ્યું હતું કે કંઈ વાંધો નહીં પોલીસ બોલાવી છે તો હું અહીં જ બેસું છું. ઘરમાં ઘૂસીને આનંદ ચાસિયા દ્વારા ધમકી આપવામાં આવતા આખરે સુશીલ પટેલે પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. રાંદેર પોલીસ દ્વારા વ્યાજખોર આનંદ ચાસિયાની ગણતરીની કલાકોમાં ધરપકડ કરવામાં આવી હતી. આ શખ્સની વિશેષ પુછતાછ કરી તેણે બીજા કોઇ સાથે આવી વ્યાજખોરી આચરી છે કે કેમ? તેની તપાસ પણ થઇ રહી છે.

### નાની મોટી વાતે હત્યાની ઘટનાઓનો યથાવત રહ્યો સિલસિલો: જમાઇ જમ બન્યો

# પત્નિ રિસામણે જતાં પતિએ સસરાને પતાવી દીધા

## પત્નિને તેડવા ગયો ત્યારે ઝઘડો કરતાં સસરાએ ટપારતાં જતો રહ્યો: પછી બે શખ્સોને સાથે લાવી છરીથી તૂટી પડ્યો: હત્યારા જમાઇને શોધવા પોલીસની દોડધામ: બીજી ઘટનામાં સિગારેટ પીવા મામલે યુવાનની હત્યાનો પ્રયાસ

રાજકોટ,તા.૧૭

હત્યાની ઘટનાઓ રાજ્યભરમાં રોજબરોજ બનતી રહે છે. નાની મોટી વાતો લોકો એક બીજાના લોહીના તરસ્યા બની જતાં હોય છે. ત્યાં હવે એક જમાઇએ સસરાને છરી મારી મોતને ઘાટ ઉતારી દીધા છે. પત્નિ રીસામણે ગઇ હોઇ તેને તેડવા જતાં તેણી પરત આવતી ન હોઇ આ કારણે તે રોષે ભરાયો હતો. ઝઘડો થતાં સસરાએ તેને ટપાર્યો હતો. આથી ખાર રાખી ભાગી ગયો હતો અને બાદમાં ફરીથી બે શખ્સોને સાથે લઇને આવ્યો હતો અને સસરાને છરીના ઘા ઝીંકી પતાવી દીધા હતાં. છરીના ઘાથી સસરા પડી ગયા પછી તેણે પાટા માર્યા હતાં

વિગતો પર નજર કરીએ તો આ બનાવ અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં બન્યો છે. અહિ જમાઈએ સસરાની હત્યા કરી દીધી હતી. યુવકની પત્નિ દસ દિવસથી પિયરમાં ગઈ હતી અને પરત આવતી નહોતી, જેથી યુવક પત્નીને લેવા ગયો હતો. આ દરમિયાન બોલાચાલી થતા જમાઈ ઇબ્રાહિમ મન્સુરીએ બે શખ્સ સાથે મળીને સસરા અજીજ મન્સૂરીની તેમના ઘર આગળ જ હત્યા કરી દીધી હતી. નારોલ પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

વિશેષ માહિતી અનુસાર



ઇબ્રાહિમ મન્સુરી નામના યુવકના નારોલ વિસ્તારમાં એક યુવતી સાથે લગ્ન થયા હતા. ઈબ્રાહિમની પત્નિ છેલ્લા દસ દિવસથી નારોલ પિયરમાં રહેતી હતી. ઈબ્રાહિમની પત્નીના પિયરમાં ભાભી અને માતા બીમાર હોવાથી તેમની સેવા કરવા માટે રોકાઈ હતી. ઘણા દિવસ સુધી પત્નિ પરત ન આવતા ઇબ્રાહિમ સાસરીમાં પહોંચ્યો હતો. ઈબ્રાહિમે બુમાબુમ કરતા સસરાએ ટોક્યો ત્યારે ઈબ્રાહિમ ગાળો આપીને ત્યાંથી રવાના થઈ ગયો હતો. અડધો કલાક બાદ ઇબ્રાહિમ અને તેની સાથે અન્ય બે શખ્સ આવ્યા હતા. ત્રણેય આવીને ઈબ્રાહિમના સસરાને ગાળો બોલવા લાગ્યા હતા. ઝઘડો વધુ ચાલતા ઇબ્રાહિમે તેની પાસે રહેલી છરી સસરાને મારી દીધી હતી. જમ જેવો જમાઈ આટલેથી નહોતો અટક્યો તેણે છરીના ઘા માર્યા બાદ સસરાને નીચે પાડી લાતો મારી હતી.

ઈજાગ્રસ્ત સસરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું. વધુ બનાવ છરી મારીને ઇબ્રાહિમ ત્યાંથી નાસી ગયો હતો.બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે મૃતકના પરિવારના નિવેદન નોંધ્યા છે. નારોલ પોલીસે હત્યાનો ગુનો નોધી ફરાર આરોપીની તપાસ શરૂ કરી હતી. આમ જમાઇ જમ બની ગયો હતો અને સસરાને જીવ ગયો હતો.

હત્યાની બીજી ઘટનામાં બાપુનગરના છેલ્લા બસસ્ટેન્ડ પાસે કાકા ભત્રીજાએ બે યુવક પર છરીઓના ઘા ઝીંકી દીધા છે. ઈજાગ્રસ્ત બંને યુવકોની હાલત નાજુક છે, જ્યારે પોલીસે હત્યાની કોશિષનો ગુનો દાખલ કર્યો છે. સિગારેટ પીવા જેવી બાબતને લઈને કાકા ભત્રીજાએ મોડીરાતે ખુની ખેલ ખેલ્યો હતો. નિકોલ વિસ્તારમાં આવેલા ઉત્તમનગર ખાતે રહેતા જીતેન્દ્રસિંહ વિશ્વનાથસિંહ ચૌહાણે બાપુનગર પોલીસ સ્ટેશનમાં શીવકુમાર ઉર્ફે લલ્લુ રાજપુત અને દેવ રાજપુત વિરૂદ્ધ હત્યાની કોશિષ તેમજ તોડફોડની ફરિયાદ દાખલ કરી હતી. જીતેન્દ્રસિંહ સંયુક્ત પરિવારમાં રહે છે અને વિરાનગર ખાતે આવેલી શિવાલીક હોસ્પિટલની બાજુમાં પાર્વતી એસ્ટેટમાં કાવ્યાઆર્યુહ નામથી સાબુ બનાવવાનું કામ કરે છે. જીતેન્દ્રસિંહ વર્ષોથી વિરાટનગર રહેતો હોવાથી તે અવારનવાર બાપુનગર જતો હતો. બાપુનગરમાં જીતેન્દ્રસિંહ શિવકુમાર અને તેના ભત્રીજા દેવ રાજપુતને સારી રીતે ઓળખે છે. રાતે આઠ વાગ્યાની આસપાસ જીતેન્દ્રસિંહ તેના મિત્ર રવિ રાજપુત તથા રોહન સાથે કાર લઈને બાપુનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે ગયો હતો. જ્યાં તેણે ગલ્લેથી સિગારેટ ખરીદીને જાહેરમાં પીતા હતાં. તે સમયે શીવકુમાર અને દેવ રાજપુત આવ્યા હતાં અને માથાકુટ થતાં છરીના ઘા ઝીંકી દેવાયા હતાં.

# ગુજરાત દુકાન-સંસ્થા (સુધારા) વિધેયક પસાર

## ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી, દુકાનો અને સંસ્થાઓને લાગુ પડશે કાયદો : દૈનિક કામના કલાકોની મર્યાદા ૯થી વધારીને ૧૦ કલાક કરાઈ

રાજકોટ, તા. ૧૭

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

ગુજરાત દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક વિશે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઇઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઇન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઇ કરવામાં આવી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની દિશામાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેમ જણાવતા મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, આજના આધુનિક સમયની માંગ મુજબ અને ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજ્યની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં સુધારો કરવા અંગેનું વિધેયક લાવવામાં આવ્યું છે.

**ઓવરટાઇમ કામ કરવાની મહત્તમ મર્યાદા ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાકથી વધારીને ૧૪૪ કલાક કરાઇ**

તેમણે ઉમેર્યું હતું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦થી ઓછા શ્રમયોગીઓ-કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરિણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે.

આ ઉપરાંત ઓવરટાઇમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે, જેનાથી ઉત્પાદકતામાં વધારો થશે. ઉત્પાદકતામાં વધારો થવાથી દુકાનદારોના નફામાં વધારો થતાં, શ્રમયોગીઓની નફામાં સહભાગિતા વધશે અને તેમની આર્થિક સુખાકારીમાં વધારો થશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

આજના આધુનિક સમયમાં દેશના આર્થિક વિકાસમાં મહિલાઓનું પ્રદાન ઝડપભેર વધી રહ્યું છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઇ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯ કલાકથી સવારના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઇ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.

### નવા જુના છુટક જથ્થાબંધ બૂટલેગરો મેદાને આવ્યા: પોલીસ પણ સક્રિય

# DCBએ પટમાંથી 'દારૂ' ભરેલુ વાહન પકડ્યું

## ત્રંબા નજીક ઢાંઢીયા-હડમતીયા રોડ પર ચેકડેમ પાસે દરોડો: જો કે વાહનનો ચાલક હાથમાં ન આવ્યો: અઢી લાખનો દારૂ કબ્જે

રાજકોટ,તા.૧૭

તહેવાર ટાણે રાજકોટ શહેરમાં નાના મોટા નવા જુના છુટક જથ્થાબંધ સપ્લાયરો, બૂટલેગરો કમાઇ લેવા માટે મેદાનમાં આવી જાય છે. પોલીસ પણ તહેવારોના દિવસોમાં દારૂની હેરાફેરી અટકાવવા વધુ સક્રિય બની જતી હોય છે. સ્થાનીક પોલીસ સ્ટેશનો, પીસીબી, ક્રાઇમ બ્રાંચ દ્વારા દારૂની હેરાફેરી અટકાવવા વધુ સક્રિયતાથી કામગીરી કરવામાં આવતી હોય છે. આ દરમિયાન હાલમાં હોળી ધુળેટી પર્વ નજીક હોઇ દારૂની હેરાફેરી ચાલુ થઇ ગઇ છે. જો કે ક્રાઇમ બ્રાંચે એક દોસ્ત નામનું વાહન ઝડપી લીધુ હતું જેમાંથી અઢી લાખ જેવો દારૂ મળ્યો હતો. જો કે આ વાહનમાં ચાલક ન હોઇ દારૂ કોનો છે? તેની તપાસ કરવામાં આવી રહી છે.

વિગતો પરશહેર પોલીસ દ્વારા હાલમાં ચાલી રહેલી દારૂ અને જુગારની ડ્રાઇવ અંતર્ગત ક્રાઇમ બ્રાંચની ટીમ ભાવનગર રોડ પર ત્રંબા ગામ પાસેના ચેકડેમ નજીકથી નંબર પ્લેટ વગરનું અશોક લેલેન્ડ દોસ્ત વાહન ઝડપી લીધું છે. જેમાંથી ૨,૩૮,૧૬૦નો વિદેશી દારૂ મળ્યો હતો. ક્રાઇમ બ્રાંચના એએસઆઇ અનીલભાઇ સોનારા, હેડકોન્સ. કનકસિંહ સોલંકી, હરપાલસિંહ જાડેજા અને કોન્સ. રાજેશભાઇ ચાવડા સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે આ તમામને બાતમી મળી હતી કે ઢાંઢીયા ગામથી હડમતીયા ગોલીડાના રસ્તે ચેકડેમ પૂલ પાસે દારૂ ભરેલુ વાહન પડ્યું છે. આથી ટીમે ત્યાં પહોંચી તપાસ કરતાં નંબર પ્લેટ વગરનું દોસ્ત વાહન જોવા મળ્યું હતું. જમાં ચાલક હાજર નહોતો હાજર નહોતો.




વાહનની પાછળ ઢાંકેલી કાળા રંગની તાડપત્રી હટાવી ત્યારે તેમાંથી કુલ ૨૪ બોક્સ અને ૪ પ્લાસ્ટિકના કોથળા મળી આવ્યા હતા. આ જથ્થામાં અલગ-અલગ બ્રાન્ડની દારૂના કુલ ૧૩૮૪ ચપલા મળી આવ્યા હતાં. જેમાં રૂ. ૧,૭૦,૦૦૦ની કિંમતની રીટઝ રિઝર્વ સુપીરીયર ગ્રેઈન વ્હીસ્કીના૧૦૦૦ ચપલા, રૂ. ૫૨,૮૦૦ની કિંમતની લંડન પ્રાઈડ પ્રીમિયમ વ્હીસ્કીની ૧૯૨ ચપલા ૧૮૦ એમએલના અને રૂ. ૧૫,૩૬૦ની કિંમતના જ્યુબિલી સ્પેશિયલ વ્હિસ્કીની ૧૯૨ ચપલાઓનો સમાવેશ થાય છે. કુલ ૨,૩૮,૧૬૦ નો દારૂ અને ૧ લાખનું વાહન મળી કુલ રૂ. ૩,૩૮,૧૬૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અને પોલીસ ઇન્સ. એમ. આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી. એચ. જાદવની રાહબરીમાં કરવામાં આવી હતી. વાહન નંબરને આધારે પોલીંસે તેના માલિક-ચાલકની શોધખોળ હાથ ધરી છે. વધુ તપાસ હેડકોન્સ. કનકસિંહ સોલંકી ચલાવી રહ્યા છે. નોંધનીય છે કે એક દારૂ ભરેલી કાર હડમતીયા રોડ પર જ વહેલી સવારે એક ઇકો સાથે અથડાઇ હતી. જેમાંથી આજીડેમ પોલીસને દોઢ લાખનો દારૂ મળ્યો હતો. ડીસીબી અને આજીડેમ પોલીસે ઝડપેલો દારૂ એક જ બૂટલેગરનો હોવાની શંકા ઉપજી હતી. જો કે બંનેમાં વાહન ચાલક-માલિક મળ્યા ન હોઇ તે પકડાયા બાદ વધુ વિગતો સામે આવશે.

### માલીયાસણમાં ઘરમાં ચાલતાં જૂગારધામ પર કુવાડવા પોલીસનો દરોડો

બીજી તરફ જૂગારનો દરોડો પાડી ચારને પકડી લેવાયા હતાં. કુવાડવા રોડ પરના માલીયાસણ ગામે મકાનમાં રહેતો મહેશ મોહનભાઇ કીસલા પોતાના ઘરમાં જૂગાર રમાડતો હોવાની બાતમી પરથી કુવાડવા પોલીસે દરોડો પાડી ઘરધણી સહિત ચારને પકડીને કાર્યવાહી કરી હતી. ડી. સ્ટાફના કોન્સ. ભાવેશભાઇ મકવાણા, સાથેના જયદિપભાઇ ધોળકીયા, કુશલભાઇ જોષીને મળેલી બાતમી પરથી માલીયાસણ ઢોળા વિસ્તારમાં મહેશના ઘરમાં દરોડો પાડ્યો હતો. આ ઘરમાં મહેશ તથા નલીયા અબડાસાના હાલ સંત કબીર રોડ પર રહેતાં નવીન સુંદરજીભાઇ ભદ્રા, માલીયાસણના વિજય કિશોરભાઇ અબાસણીયા અને અરવિંદ મોહનભાઇ કિસલાને પકડી લઇ રૂા. ૧૭૦૧૦ રોકડા અને ગંજીપાના કબ્જે લેવાયા હતાં. ડીસીપી હેતલ પટેલ, એસીપી વી. બી. જાડેજાની સુચના અંતર્ગત પીઆઇ બી. પી. રજીયાની રાહબરીમાં પીએસઆઇ બી. વી. ભગોરા, એએસઆઇ કે. વી. જાડેજા, હેડકોન્સ. એમ. કે. રબારી, કોન્સ. ભાવેશભાઇ મકવાણા, કુશલભાઇ, જયદિપભાઇ, જયપાલભાઇ બરાળીયા, મેહુલસિંહ ચુડાસમાએ દરોડો પાડ્યો હતો.

# RTOમાં AI સજ્જ ટેસ્ટિંગ ટ્રેક તૈયાર

## ૧૭ અધ્યતન કેમેરાઓ ૩૬૦ ડિગ્રી કરશે કાર્ય : રેડિયો ફ્રિકવન્સી આઇડેન્ટીફીકેશન સેન્સર આવશે લગાડવામાં

રાજકોટ, તા. ૧૭

રાજ્ય સરકાર દરેક સરકારી વિભાગને સંપૂર્ણપણે ડિજિટલની સુસજ્જ કરવા માટેના જરૂરી પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે રાજકોટ આરટીઓ કચેરીની વાત કરવામાં આવે તો ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક છેલ્લા ઘણા સમયથી બંધ હોવાનું માલુમ પડતું હતું અને તે અંગે અનેકવિધ વિરોધ અને પ્રશ્નો પણ ઊભા થયા હતા ત્યારે તંત્ર દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નો ઉપયોગ કરી અધ્યતન ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક તૈયાર કરવામાં આવ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તે અનુસાર એંસી લાખના ખર્ચે આ ટ્રેકમાં ૧૭ અધ્યતન કેમેરાઓ અને રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન સેન્સર લગાડવામાં આવ્યા છે અને આ કેમેરા ૩૬૦ ડીગ્રી સુધી ફરી શકે તે પ્રકારની ટેકનોલોજી પણ વિકસાવવામાં આવી છે જેથી હવે ટેસ્ટિંગ માટે આવતા લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો નહીં કરવો પડે અને ભૂતકાળમાં જે ગેરરીતીઓના પ્રશ્નો ઊભા થતા હતા તેનું પણ નિવારણ શક્ય બનશે.



ભૂતકાળમાં જે ટ્રેક તૈયાર કરવામાં આવ્યો હતો તે વરસાદી પાણી સ્પષ્ટતા જ ક્ષતિગ્રસ્ત થતાની ફરિયાદો અવારનવાર ઉઠતી પરંતુ આ વખતે અંડરગ્રાઉન્ડ સ્વેટર ઊભું કરવામાં આવ્યું છે જેથી વરસાદ હોય કે વીજળી પણ ન હોય તો પણ ટેસ્ટીંગ ટ્રેક યથાવત રીતે ચાલતો રહેશે. આ બાબતે માહિતી આપતા રાજકોટના આરટીઓ અધિકારી ઇન્દ્રજીત ટાકે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટ્રેક માનવ હસ્તક્ષેપ રહિત છે જેથી કોઈ અન્ય પ્રશ્નો ઉભા નહીં થાય.

ટેકનોલોજી નો યોગ્ય ઉપયોગ થાય તે ખૂબ જરૂરી છે કારણ કે અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી જે હ્યુમન ઇન્ટરવેનસનના પ્રશ્નો ઊભા થતા તે હવે ભૂતકાળ બનશે.ટેસ્ટિંગ ટ્રેકને ઓળખવા અને જાણવા માટે જે પરીક્ષા આપવા આવતા લોકો છે તેઓને વિડીયો મારફતે માહિતી પૂરી પાડવામાં આવશે જુના ટ્રેકમાં માત્ર ચાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા પરંતુ નવા ટ્રેકમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી સજ થયેલા ૧૭ કેમેરા લગાડવામાં આવ્યા છે.

મહત્વની વાત તો એ છે કે ટેસ્ટિંગ ટ્રેકમાં જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેની સામે યોગ્ય મેન્ટેનન્સ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે જે માટે એજન્સીઓનો કોન્ટ્રાક્ટ સમયસર રીન્યુ કરવામાં આવે તે જરૂરી છે ભૂતકાળમાં એજન્સીઓના કોન્ટ્રાક્ટ રીન્યુ ન થતા ટ્રેકની જાળવણી થઈ શકતી ન હતી ત્યારે હવે અદ્યતન કેમેરા લગાડવામાં આવ્યા હોવાથી અને ઘણો ખરો મોટો ખર્ચ કર્યો હોવાથી હાલ આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ થી સજ બનેલા ટ્રેક ની જાળવણી થાય તે ખૂબ જરૂરી અને મહત્વની છે આ માટે તમામ જરૂરી પગલાઓ યોગ્ય લેવામાં આવે તે પણ એટલું જ આવશ્યક છે.

### ૧૦૦ પર્સન્ટાઈલ મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ, દેશભરમાં ૧૧મું સ્થાન

# JEE મેઈન્સમાં રાજકોટ એલનના વિનય પુરોહિતે રચ્યો ઈતિહાસ

રાજકોટ, તા. ૧૭

જોઈન્ટ સેન્ટ્રલ એક્ઝામ દ્વારા હાલ એડવાન્સ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ એલનો વિદ્યાર્થી નિમય પુરોહિત સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવ્યો છે જેને શો પર્સન્ટાઈલ સાથે દેશના ટોપ ૧૨ માં સ્થાન મેળવ્યું છે. આ સિધ્ધિ હાંસલ કરતા જ તેઓએ તેમના પરિવારનું અને કોચિંગ સેન્ટરનું ગૌરવ વધાર્યું છે. એલન રાજકોટ ખાતે વિદ્યાર્થીઓ સાથે સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. આ તકે એલન રાજકોટના સેન્ટર હેડ અમ્રિતાશ મુખર્જીએ વિદ્યાર્થી અંગે જણાવ્યું હતું કે એલનના ફેકલ્ટી હાઈલી ટ્રેઇન્ડ હોવાના કારણે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીનું તાકીદે નિવારણ કરે છે જેથી તેઓને અભ્યાસમાં કોઈ અન્ય પ્રશ્ન ઉભો ન થાય. તો સામે નિમય જેવા વિદ્યાર્થીઓ પણ સમયાંતરે વિવિધ ટેસ્ટ આપી પોતાની શૈક્ષણિક કૌશલ્યતાને નિખાર આપે છે અને પરિણામ સ્વરૂપે નિમય સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવ્યો.



ઉઊઊ મેઇન પરીક્ષામાં સિદ્ધિ હાંસલ કરનાર નિમય પુરોહિતના જેમના માતા -પિતા તબીબ છે પરંતુ તેને છઠ્ઠા ધોરણથી મેથ્સ પસંદ હોવાથી તેને એન્જિનિયરિંગ ક્ષેત્ર પસંદ કર્યું છે. મુંબઈ ઈંઈઝ માં એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાનું સ્વપન છે. વિદ્યાર્થી નિમય પુરોહિતે જણાવ્યું હતુ કે, ઓગસ્ટ ૨૦૨૫ માં સિલેબસ પૂર્ણ થઈ ગયો હતો અને ત્યારથી જાન્યુઆરી સુધી રિવિઝન ચાલતું હતુ. જેમાં દૈનિક ટેસ્ટની પ્રેક્ટિસ હોવાથી ફિઝિક્સમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ આવ્યા છે. જયારે મેથ્સમાં ૯૬ અને કેમેસ્ટ્રીમાં ૯૫ માર્ક્સ મેળવ્યા છે.

તેમણે જણાવ્યું કે, પિતા હર્ષલભાઈ અને માતાનું દર્શનાબેન છે. જેઓ બંને ફિઝિયોથેરાપિસ્ટ છે. માતા - પિતા તબીબ હોવા છતાં તેને છઠ્ઠા ધોરણથી મેથ્સ પસંદ હતુ અને તેથી એન્જિનિયરિંગ ક્ષેત્ર પર પસંદગી ઉતારી છે. હવે જે.ઈ.ઈ એડવાન્સમાં સારા માર્ક્સ લાવી આઈઆઈટી મુંબઈમાં એન્જિનિયરિંગ કરવાનું સ્વપન છે. નિમય પુરોહિત રાજકોટ એલનનો વિદ્યાર્થી છે. અહીંના વિદ્યાર્થી નિમય પુરોહિતને ઉઊઊ મેઈનમાં ૧૦૦ પર્સન્ટાઇલ આવ્યા છે અને તે ગુજરાત ટોપર રહ્યો છે તે ખૂબ જ ખુશીની વાત છે. અહીંથી ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ જે.ઈ.ઈ ની પરીક્ષા આપી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૪૭૬૧૦ વિદ્યાર્થીઓઆ પરીક્ષા આપી હતી.

### પાંચ ઈમારતોને BEE ‘શૂન્ય’ અને ‘શૂન્ય પ્લસ’ લેબલ સાથે રાષ્ટ્રીય માન્યતા

# ઊર્જા સંરક્ષણમાં રાજકોટ ડિવિઝનનો નવો કીર્તિમાન

રાજકોટ, તા. ૧૭

પશ્ચિમ રેલવેના રાજકોટ રેલ ડિવિઝને ઊર્જા કાર્યક્ષમતા તથા પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ડિવિઝનની પાંચ ઇમારતોને વર્ષ ૨૦૨૫-૨૬ માટે બ્યુરો ઑફ એનર્જી એફિશિયન્સી (ઇઊઊ) દ્વારા આપવામાં આવતા પ્રતિષ્ઠિત ‘શૂન્ય પ્લસ ’ અને ‘શૂન્ય’ લેબલથી સન્માનિત કરવામાં આવી છે.



આ સન્માન ઊર્જા સંરક્ષણ, ટકાઉ વિકાસ તથા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા માટે રાજકોટ ડિવિઝન દ્વારા કરવામાં આવતા સતત પ્રયાસોને દર્શાવે છે અને રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ લક્ષ્યો પ્રત્યે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાના માર્ગદર્શન હેઠળ વરિષ્ઠ ડિવિઝનલ વિદ્યુત ઇજનેર (પાવર) રજની યાદવ તથા તેમની ટીમના સમર્પિત પ્રયાસોથી આ મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ડિવિઝન દ્વારા ઊર્જા કાર્યક્ષમ અવસરો, આધુનિક ટેક્નોલોજી અને પર્યાવરણમૈત્રી પ્રણાલીઓ અપનાવી રેલવે પરિસરોમાં ઊર્જા બચતને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.આ સિદ્ધિથી માત્ર ઊર્જા વપરાશમાં ઘટાડો જ નહીં, પરંતુ હરિત અને ટકાઉ રેલવેના નિર્માણને પણ પ્રોત્સાહન મળશે. રાજકોટ ડિવિઝનનો આ પ્રયાસ ભારતીય રેલવેની ગ્રીન અને સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ ની કલ્પનાને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

આ ઇમારતોમાં ઊર્જા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે ઉચ્ચ ઊર્જા કાર્યક્ષમતા ધરાવતા ઈકઉઈ પંખાઓ, સમગ્ર પરિસરમાં કઊઉ લાઈટિંગ સિસ્ટમ તથા ઊર્જા કાર્યક્ષમ ૫-સ્ટાર રેટેડ વિદ્યુત ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત રૂફટોપ સોલાર ઊર્જા પ્લાન્ટોની સ્થાપના કરીને સ્વચ્છ ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે તેમજ સોલાર વોટર હીટર સિસ્ટમનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રકાશ વ્યવસ્થાના અસરકારક અને સ્વચાલિત નિયંત્રણ માટે અતર્ીજ્ઞિક્ષજ્ઞળશભફહ ઝશળયતિ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના કારણે સૂર્યાસ્ત અને સૂર્યોદય અનુસાર લાઈટિંગ આપમેળે સંચાલિત થાય છે. આ ઉપરાંત સ્માર્ટ ઊર્જા મોનિટરિંગ અને નિયંત્રણ પ્રણાલી તથા પ્રાકૃતિક પ્રકાશ અને હવા પ્રવાહને પ્રોત્સાહન આપીને કુલ ઊર્જા વપરાશમાં નોંધપાત્ર ઘટાડો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. આ પહેલોના પરિણામે ઊર્જા વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને ઇમારતોએ ઇઊઊ દ્વારા નક્કી કરાયેલા ઊર્જા પ્રદર્શન ધોરણોને સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યા છે.

**BEE ‘શૂન્ય પ્લસ’ (Shunya Plus) લેબલ પ્રાપ્ત ઈમારતો :**

૧) ઓએચઈ અને પીએસઆઇ ડિપો, વાંકાનેર
૨) ઓએચઈ અને પીએસઆઇ ડિપો, હાપા
૩) તાલીમ કેન્દ્ર અને હોસ્ટેલ બિલ્ડિંગ, રાજકોટ

**BEE ‘શૂન્ય’ (Shunya) લેબલ પ્રાપ્ત ઈમારતો :**

૧) ઓએચઈ અને પીએસઆઇ ડિપો, મોરબી
૨) ટ્રેક્શન સબ-સ્ટેશન, હાપા

# ગ્રામ્ય પ્રશ્નોના નિકાલ માટે કાલથી સરપંચ સંવાદ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ જિલ્લાના ગામડાઓના છેવાડાના નાગરિકો સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લાભ સમયસર પહોંચાડવા અને ગ્રામ્ય કક્ષાના પ્રશ્નોનો સ્થાનિક સ્તરે નિકાલ લાવવાના હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘સરપંચ સંવાદ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૯મી ફેબ્રુઆરીથી રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ આ સંવાદ કાર્યક્રમ શરૂ થશે.

રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશ અને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ તાલુકા મથકોએ સંબંધિત ગામના સરપંચો સાથે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ સંવાદ બેઠકો યોજવામાં આવશે. ૧૯મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યે વિંછિયા અને બપોરે ૩ વાગ્યે જસદણ ખાતે બેઠક યોજાશે, જ્યારે ૨૭મી ફેબ્રુ.એ બપોરે ૩ વાગ્યે કોટડાસાંગાણીમાં સરપંચ સંવાદ થશે.

**જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ તાલુકા મથકો ખાતે યોજાનારી બેઠકમાં રહેશે હાજર**

૬ માર્ચના રોજ, બપોરે ૧૨ કલાકે ધોરાજી તથા બપોરે ૩ કલાકે જેતપુર ખાતે, ૧૩ માર્ચના રોજ બપોરે ૧૨ વાગ્યે ઉપલેટા અને બપોરે ૩ વાગ્યે જામકંડોરણા અને ૨૪ માર્ચના રોજ બપોરે ૩ વાગ્યે પડધરીમાં સરપંચ સંવાદ યોજાશે. ૭ એપ્રિલના રોજ બપોરે ૩ રાજકોટ તાલુકાનો જ્યારે ૯ એપ્રિલના રોજ બપોરે ૧૨ કલાકે ગોંડલ તથા બપોરે ૩ કલાકે લોધિકા ખાતે સરપંચ સંવાદ થશે. બેઠક દરમિયાન સરપંચો દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નો, રજૂઆતો અને સૂચનો અંગે જિલ્લા વિકાસ અધિકારી, મેનેજિંગ ડિરેક્ટર - પી.જી.વી.સી.એલ., પોલીસ અધિક્ષક, સંબંધિત પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર સહિતના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહીને સ્થળ પર જ ચર્ચા કરીને સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ સુનિશ્ચિત કરશે.

આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા સરપંચોને અનુરોધ કરવામાં આવ્યો છે. ‘સરપંચ સંવાદ કાર્યક્રમ’ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને વધુ વેગ ગતિ આપશે તથા લોકપ્રશ્નોના ઝડપી અને અસરકારક નિવારણ માટે સક્રિય મંચ પૂરું પાડશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# નંબર પ્લેટ વગરના વાહન ચાલાકોની હિસ્ટ્રી ચેક કરો

## પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં યોજાય માર્ગ સલામતી સમિતિની બેઠક

રાજકોટ, તા. ૧૭

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ. દ્વારા નંબર પ્લેટ વગરની કે બ્લેક ફિલ્મ લગાડનાર વાહન ચાલકો વિરુદ્ધ માત્ર દંડનીય કામગીરી જ નહીં, પરંતુ તેઓની કોઈ ગુનાહિત હિસ્ટ્રી છે કે નહીં તે પણ ચકાસવા પોલીસ અધિકારીઓને કમિશનરે સૂચના આપી હતી.

બેઠકમાં પોલીસ કમિશનરે ખાસ કરીને માધાપર ચોકડી, બેડી ચોકડી, ગ્રીન લેન્ડ ચોકડી સહિતના ઝોનમાં લેફ્ટ ટર્ન સ્મૂધ બનવવા રોડ સમથળ કરવાની કામગીરી સતત ચાલુ રાખવા પણ હાઇવે ઓથોરિટીને ટકોર કરી હતી. વધુમાં હાઇવે પર વાહન અકસ્માત માટે કારણભૂત ગેરકાયદે મીડિયમ ગેપ તોડવાની ઘટનાઓ બનતી રહેતી હોઈ તેવા ઈસમોને પકડવા માટે સી.સી.ટી.વી. કેમેરા સેટઅપ લગાવવા સંબંધિત એજન્સીના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

શહેરમાં ચાર રસ્તા પર, શાળા આસપાસ ટ્રાફિકને અડચણરૂપ વાહન ચાલકો વિરુદ્ધ કામગીરી સઘન કરવા અને એસ.ટી. વિભાગ તેમજ મહાનગરપાલિકાના ડ્રાઈવરની આંખની નિયમિત તપાસ થવી જોઈએ તેમ પણ બ્રજેશ કુમારે સૂચન કર્યું હતું. ટ્રાફિક પોલીસ વિભાગ તેમજ આર.ટી.ઓ. દ્વારા માર્ગ સલામતી માસ - ૨૦૨૬ અંતર્ગત જાન્યુઆરી માસમાં શાળા કોલેજમાં રોડ સેફટી જનજાગૃતિ કાર્યક્રમ, માર્ગ સલામતી રેલી, પેમ્ફલેટ વિતરણ, વાહનોમાં રેડિયમ પટ્ટી, રીફલેક્ટર લગાડવા, આઈ ચેકઅપ કેમ્પ સહિતના કાર્યક્રમોની વિગત પૂરી પાડી હતી. મહાનગરપાલિકા દ્વારા સ્પીડ લિમિટના સાઈનેજીસની કામગીરી સહીત દબાણ હટાવ, ટ્રાફિક સિગ્નલ રી-ઈન્સ્ટોલેશન સહિતની કામગીરીની માહિતી પુરી પાડવામાં આવી હતી.

# CBSE બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

## રાજકોટ જિલ્લામાં ૮૦૦૦થી વધુ પરીક્ષાર્થીઓ : ૩૫ દિવસમાં જ રીઝલ્ટ, ઉત્તરવાહિની થશે ડિજિટલ ચકાસણી

રાજકોટ, તા. ૧૭

ગુજરાતમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (ઈઇજઊ) સાથે જોડાયેલા ૮૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આજથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડ પરીક્ષાઓ આપવાનું શરૂ કરશે, આ વર્ષે દેશભરમાં ૪૩.૬૭ લાખથી વધુ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. ઈઇજઊ ૨૦૩ વિષયોમાં પરીક્ષાઓ લેશે, જેમાં ધોરણ ૧૦ માટે ૮૩ અને ધોરણ ૧૨ માટે ૧૨૦ વિષયોનો સમાવેશ થાય છે. પહેલા દિવસે, ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ ગણિત (ધોરણ) અને ગણિત (મૂળભૂત) ના પેપર લખશે, જ્યારે ધોરણ ૧૨ ના ઉમેદવારો ઉદ્યોગસાહસિકતા અને બાયોટેકનોલોજીના પેપર લેશે.

રાજકોટ જિલ્લામાં ૮૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે. આ વખતે પ્રથમ વખત ઈઇજઊ બોર્ડ દ્વારા ૩૫ દિવસમાં પરિણામ જાહેર કરવાની જાહેરાત કરાઈ છે, જ્યારે ધોરણ ૧૨ની ઉત્તરવહી ડિજિટલી તપાસવામાં આવશે. સાથે જ બોર્ડના વિદ્યાર્થીઓની બે વખત પરીક્ષા લેવામાં આવશે, જેમાં વિદ્યાર્થી પોતાની ઈચ્છા અનુસાર પેપરો આપી શકશે. બોર્ડની પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓનું કડક ચેકિંગ કરી એન્ટ્રી અપાઈ હતી, જેઓને હોલ ટિકિટની સાથે ટ્રાન્સપરન્ટ બોટલ અને પાઉચ લઈ જવાની છૂટ આપવામાં આવી હતી. આ સિવાયની કોઈપણ વસ્તુઓ લઈ જવાની મનાઈ હતી. પરંતુ પરીક્ષાર્થીઓમાં એક અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પરીક્ષા પૂર્ણ થયા બાદ ૩૫ દિવસમાં પરિણામ જાહેર થશે અને ૧૫ મેથી વિદ્યાર્થીઓને ફરી વખત બોર્ડની પરીક્ષા આપવાનો મોકો મળશે. આ વખતે પ્રથમ વખત ધોરણ ૧૨ના પેપરો કોમ્પ્યુટર પર ચકાસવામાં આવશે, જેથી કરીને કોઈ પણ પ્રકારની ગરબડ થવાની શક્યતાઓ નહીં રહે.

ધોરણ ૧૦ ની પરીક્ષાઓ ૧૧ માર્ચે સમાપ્ત થશે, જ્યારે ધોરણ ૧૨ ની પરીક્ષાઓ ૧૦ એપ્રિલ સુધી ચાલુ રહેશે. બોર્ડે પરીક્ષા ખંડમાં લઈ જવા માટેની વસ્તુઓ અંગે વિગતવાર સૂચનાઓ પણ જારી કરી છે. વિદ્યાર્થીઓ પ્રવેશ કાર્ડ, શાળા ઓળખ કાર્ડ, સ્ટેશનરી પારદર્શક પાઉચમાં, ભૂમિતિ બોક્સ, પેન, પેન્સિલો, પારદર્શક પાણીની બોટલો અને મૂળભૂત મુસાફરી પાસ લઈ જઈ શકે છે.

મોબાઇલ ફોન, સ્માર્ટવોચ, બ્લૂટૂથ ઉપકરણો, કેલ્ક્યુલેટર અને પેન ડ્રાઈવ જેવા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પર સખત પ્રતિબંધ રહેશે. ફક્ત ડાયાબિટીસ ધરાવતા વિદ્યાર્થીઓને જ ખોરાક લાવવાની મંજૂરી આપવામાં આવશે. ઈઇજઊ એ વિદ્યાર્થીઓને સલાહ આપી છે કે તેઓ પેપર લીક સંબંધિત અફવાઓ અથવા ખોટી માહિતી પર ધ્યાન ન આપે અને અધિકૃત અપડેટ્સ માટે ફક્ત બોર્ડની સત્તાવાર માહિતી પર આધાર રાખે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# રાક્ષસી આનંદ..

## ઇ-મેઇલ દ્વારા ફૂંકી મારવાની ધમકી આપીને અંધાધૂંધી ફેલાવવી એ પીશાચી વલૃતિ ગણાય




ટેકનોલોજી જેટલી આશીર્વાદરૂપ છે, તેટલી જ તે વિકૃત માનસિકતા ધરાવતા લોકો માટે હથિયાર બની રહી છે. તાજેતરમાં રાજકોટમાં કોર્ટને ઇ-મેઇલ દ્વારા ફૂંકી મારવાની ધમકી આપીને સમગ્ર તંત્રને ધંધે લગાડી દેવામાં આવ્યું. આ માત્ર એક ઘટના નથી, ગુજરાતભરમાં સતત આવી ધમકીઓનો સિલસિલો જોવા મળી રહ્યો છે. અજાણ્યા સ્ત્રોત દ્વારા મોકલવામાં આવતા આવા સંદેશાઓ સમાજમાં અંધાધૂંધી અને ભયનું વાતાવરણ ઉભું કરે છે.

પિશાચી અને રાક્ષસી આનંદ વિચિત્ર હોય છે.

જ્યારે કોઈ વ્યક્તિ બીજાના દુઃખ, ભય કે મૂંઝવણને જોઈને સંતોષ મેળવે, ત્યારે તેને 'રાક્ષસી આનંદ' કહેવામાં આવે છે. આ એક એવી વિકૃતિ છે જેમાં સામો પક્ષ પીડામાં હોય ત્યારે જ વ્યક્તિને મજા આવે છે. 'પિશાચી વૃત્તિ' એટલે વિનાશક માનસિકતા. જેમાં કોઈ પણ રચનાત્મક હેતુ વગર માત્ર અરાજકતા ફેલાવવાનો હેતુ હોય છે. હજારો નિર્દોષ લોકોને ડરાવીને, સુરક્ષા એજન્સીઓને દોડતી કરીને જે માનસિક તૃપ્તિ મળે છે, તે રાક્ષસી અને પિશાચી વૃત્તિનું જીવંત ઉદાહરણ છે.

આવા ઇ-મેઇલ મોકલનારાઓની માનસિકતા અત્યંત જોખમી હોય છે. તેઓ પોતાની ઓળખ છુપાવીને આખી સિસ્ટમને નિયંત્રિત કરવાનો ભ્રમ પાળે છે. ખાસ કરીને જ્યારે ધોરણ ૧૦ જેવી મહત્વની પરીક્ષાઓનો હોય, ત્યારે આવી ધમકીઓ વિદ્યાર્થીઓ અને વાલીઓના માનસિક સ્વાસ્થ્યને ગંભીર અસર કરે છે. તંત્ર પણ ટેન્શનમાં રહે છે.પરીક્ષાના માહોલને ડિસ્ટર્બ કરવો એ સમાજ પ્રત્યેનો દ્વેષ છે. આ લોકો માને છે કે તેઓ અદ્રશ્ય રહીને ગમે તે કરી શકે છે, જે આધુનિક યુગનો સૌથી મોટો પડકાર છે.

ડિજિટલ યુગમાં સાયબર ક્રાઇમની આ પદ્ધતિ તંત્ર માટે માથાનો દુખાવો બની છે. વારંવાર મળતી આ ધમકીઓ પાછળ છુપાયેલા રાક્ષસી આનંદ માણનારા તત્વોને ઝડપી પાડવા અનિવાર્ય છે. આ માત્ર મજાક નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર શાંતિ સામેનો હુમલો છે. જો આવા પિશાચી તત્વોને સમયસર જેલના સળિયા પાછળ ધકેલવામાં ન આવે, તો તે ભવિષ્યમાં મોટી હોનારતનું કારણ બની શકે છે. સમાજે પણ અફવાઓથી ન ડરતા તંત્રને સહકાર આપી આવી માનસિકતાને હરાવવી પડશે.

# ભારતમાં જ બનશે ખતરનાક હેમર મિસાઈલ !

## BEL-Safran સંયુક્ત રીતે મિસાઈલ ઉત્પાદન લાઇન ચલાવશે : મિસાઈલના બે અદ્યતન પ્રકારો ભારતમાં બનાવવામાં આવશે

નવીદિલ્હી, તા. ૧૭

ભારત અને ફ્રાન્સ વચ્ચે HAMMER મિસાઇલ અંગે કરાર થઈ શકે છે. એવું માનવામાં આવે છે કે ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન આ કરારને મંજૂરી આપી શકે છે. એવું માનવામાં આવે છે કે જો ફ્રાન્સ આ કરાર પર હસ્તાક્ષર કરે છે, તો ભારતીય સેના વધુ મજબૂત બનશે. ભારત અને ફ્રાન્સ તેમની સંરક્ષણ ભાગીદારીને નવા સ્તરે લઈ જવાની તૈયારી કરી રહ્યા છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત રીતે HAMMER મિસાઇલ વિકસાવવા માટે ચર્ચા ચાલી રહી છે. મિસાઇલના મોટાભાગના ઘટકો ભારતમાં બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દેશો ભારતમાં અદ્યતન HAMMER એર-ટુ-સર્ફેસ પ્રિસિઝન ગાઈડેડ મ્યુનિશનના સંયુક્ત ઉત્પાદન પર સંમત થવા જઈ રહ્યા છે. એવું અહેવાલ છે કે બંને દેશોએ અગાઉ ઘણી વખત સંરક્ષણ સોદાઓ પર ચર્ચા કરી છે અને પહેલાથી જ અનેક સોદાઓ પર કરાર પર પહોંચી ગયા છે.




જો કોઈ કરાર થાય છે, તો HAMMER ના બે અદ્યતન પ્રકારો ભારતમાં બનાવવામાં આવશે. HAMMER ૨૫૦ XLR ભારતમાં બનાવવામાં આવશે. તેની સ્ટેન્ડ-ઓફ રેન્જ ૨૦૦ કિમીથી વધુ છે. બીજો અદ્યતન પ્રકાર HAMMER ૧000 XLR છે. તેની રેન્જ આશરે ૧૫૦ કિમી છે. અહેવાલ મુજબ, આ અત્યાધુનિક, સર્વ-હવામાન ચોકસાઇવાળી મિસાઇલો છે જે સુરક્ષિત અંતરેથી ફાઇટર એરક્રાફ્ટ દ્વારા ફાયર કરી શકાય છે. નાની ઇંઅખખઊછ મિસાઇલ પણ લગભગ ૭૦ કિમીની રેન્જથી મુખ્ય અને કિલ્લેબંધીવાળા દુશ્મન લક્ષ્યોને સચોટ રીતે પ્રહાર કરી શકે છે. તે પર્વતીય ભૂપ્રદેશ સહિત જટિલ ભૂપ્રદેશમાં પણ અસરકારક છે. આ સિસ્ટમ ડેસોલ્ટ રાફેલ અને HAL તેજસ જેવા અદ્યતન ફાઇટર એરક્રાફ્ટ સાથે સુસંગત છે, જે તેમની ઘાતકતામાં વધારો કરે છે. નાણાકીય કારણોસર મૂળ રાફેલ ખરીદીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો, પરંતુ પછીથી તેને કટોકટી ખરીદી પ્રક્રિયા હેઠળ સમાવવામાં આવ્યો હતો. HAMMER સિસ્ટમની અસરકારકતા પહેલાથી જ દર્શાવવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓપરેશન સિંદૂર દરમિયાન વિમાનોએ દુશ્મનના લક્ષ્યોને સચોટ રીતે પ્રહાર કરવા માટે HAMMER અને જઈઅકક મિસાઇલોનો ઉપયોગ કર્યો હતો. આ સફળ જમાવટ પછી, ભારત હવે રાફેલ કાફલા માટે સુસંગત અને કસ્ટમાઇઝ્ડ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે આ શસ્ત્રોનું સ્થાનિક ઉત્પાદન ઇચ્છે છે. પ્રસ્તાવિત સંયુક્ત સાહસ હેઠળ પ્રારંભિક ઉત્પાદન ક્ષમતા દર વર્ષે આશરે ૧,000 યુનિટ છે. આ પહેલ ફક્ત એસેમ્બલી સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ તેમાં ટેકનોલોજી ટ્રાન્સફર અને સ્થાનિક કુશળતાનો વિકાસ પણ શામેલ હશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો બંને દેશો વચ્ચે કોઈ કરાર થાય છે, તો તે ભારતના આત્મનિર્ભર ભારત સંરક્ષણ અભિયાનને મજબૂત બનાવશે. ફ્રાન્સ ભારત જેવા મુખ્ય સંરક્ષણ બજારમાં મજબૂત હાજરી મેળવશે. તે ભારત-પ્રશાંત ક્ષેત્રમાં વ્યૂહાત્મક સહયોગને નવી દિશા પણ પ્રદાન કરશે.

# સોનિયા ગાંધીએ મુખ્યમંત્રી બનાવવાનો કર્યો'તો પ્રયાસ : બિસ્વા

નવીદિલ્હી, તા. ૧૭

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ મંગળવારે એક મહત્વપૂર્ણ દાવો કર્યો. તેમણે કહ્યું કે ૨૦૧૪ માં, સોનિયા ગાંધીએ તેમને મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ માટે તારીખ નક્કી કરવા કહ્યું હતું, કારણ કે તેમને ૫૮ ધારાસભ્યોનું સમર્થન હતું. આ દરમિયાન, યુએસએથી રાહુલ ગાંધીનો ફોન પાર્ટી નેતાઓ સુધી પહોંચ્યો, જેનાથી પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ. એક રીતે, રાહુલ ગાંધીએ તેમને મુખ્યમંત્રી બનતા અટકાવ્યા હતા. સરમાએ દાવો કર્યો કે આ તેમના માટે એક મોટો આંચકો હતો. મંગળવારે વિધાનસભામાં કેબિનેટ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા, હિમંતા બિસ્વા સરમાએ આ દાવો કર્યો. હકીકતમાં, ૨૦૧૧ ની વિધાનસભા ચૂંટણી પછી, આસામ કોંગ્રેસમાં અસંમતિ જોવા મળી હતી જ્યારે ધારાસભ્યોના એક જૂથે વર્તમાન તરુણ ગોગોઈને બદલે મુખ્યમંત્રી તરીકે સરમાને સમર્થન આપ્યું હતું. આ બાબત અંગે મંગળવારે મીડિયા સાથે વાત કરતા, હિમંતાએ કહ્યું કે તે સમયે તેમને સોનિયા ગાંધીનો ફોન આવ્યો હતો, જેમણે ''મને મુખ્યમંત્રીના શપથ ગ્રહણ માટે તારીખ નક્કી કરવા કહ્યું હતું.'' મેં તેમને કહ્યું હતું કે હું જૂન (૨૦૧૪) માં કામાખ્યા મંદિરમાં અંબુબાચી મેળા પછી શપથ લઈશ.'

હિમંતાનો દાવો છે કે રાહુલ ગાંધીએ તેમને ફોન કર્યા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ. ''મને તે સમયે દુઃખ થયું હતું, અને તે પછી, મેં કોંગ્રેસ પાર્ટી છોડવાનો નિર્ણય લીધો.'' તેમણે આગળ કહ્યું, ''પરંતુ હવે હું માનું છું કે કોઈના જીવનમાં જે કંઈ થાય છે તે સારા માટે છે, અને ભગવાને મને ભાજપ દ્વારા વધુ આપ્યું છે જો હું કોંગ્રેસમાં રહ્યો હોત તો મને મળ્યું હોત.'' તેમણે ૨૦૧૫ માં ભાજપમાં જોડાવા માટે પાર્ટી છોડી દીધી અને વિધાનસભા ચૂંટણીમાં ભગવા પક્ષની પહેલી જીત સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. હિમંતાએ કહ્યું કે તેઓ ૨૦૨૧ થી આસામના મુખ્યમંત્રી છે. ભાજપના મુખ્યમંત્રી તરીકે, તેમને



આસામના મુખ્યમંત્રી હિમાંતા બીસ્વાએ સોનિયા - રાહુલ ગાંધી પર સાધ્યું નિશાન, કહ્યું ૨૦૧૪માં રાહુલ બન્યા'તા અડચણરૂપ

આસામ અને સનાતન ધર્મ બંનેની દિલથી સેવા કરવાની તક મળી હતી, જે જો તેઓ કોંગ્રેસમાં રહ્યા હોત તો શક્ય ન હોત. તેમણે કહ્યું કે જો તેઓ ભવિષ્યમાં કોઈ પુસ્તક લખશે, તો તેઓ આ સમગ્ર ઘટનાનું વિગતવાર વર્ણન કરશે જેથી લોકોને કોંગ્રેસ વિશે સાચી માહિતી મળી શકે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ મંગળવારે એક મહત્વપૂર્ણ દાવો કર્યો હતો. વિધાનસભા કેબિનેટ બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા તેમણે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિશે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.

## યુનુસે ઉત્તરપૂર્વ ભારતના સાત રાજ્યોનો ઉલ્લેખ ''સેવન સિસ્ટર્સ'' તરીકે કર્યો

# જતા-જતા મોહમ્મદ યુનુસે ભારત વિરુદ્ધ ઓક્યુ ઝેર

નવીદિલ્હી, તા. ૧૭

બાંગ્લાદેશ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (ઇગઙ)ના પ્રમુખ તારિક રહેમાન વડા પ્રધાન તરીકે શપથ લેશે. આ પહેલા, બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે રાજીનામું આપતા પહેલા તેમના વિદાય ભાષણમાં ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. તેમણે ભારતનું નામ લીધા વિના પોતાના જૂના નિવેદનને ફરીથી દોહરાવ્યું હતું. યુનુસે ઉત્તરપૂર્વ ભારતના સાત રાજ્યોનો ઉલ્લેખ ''સેવન સિસ્ટર્સ'' તરીકે કર્યો હતો. આ નિવેદન ચીન પ્રત્યેના તેમના પ્રેમને પણ દર્શાવે છે. હકીકતમાં, એપ્રિલ ૨૦૨૫ માં ચીનની તેમની મુલાકાત દરમિયાન, યુનુસે બેઈજિંગમાં ''સેવન સિસ્ટર્સ'' નો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે તેને સંપૂર્ણપણે ભૂમિગત પ્રદેશ તરીકે વર્ણવ્યું હતું અને આ આધારે, બાંગ્લાદેશને આ પ્રદેશ માટે હિંદ મહાસાગરનો એકમાત્ર રક્ષક જાહેર કર્યો હતો. જોકે ભારતે વિરોધ કર્યો ત્યારે યુનુસ ચૂપ રહ્યા, પરંતુ ભારત પ્રત્યે તેમનો દ્વેષ સ્પષ્ટપણે સ્પષ્ટ હતો. વધુમાં, યુનુસે વડા પ્રધાન હસીનાની ભારત મુલાકાતનો પણ વિરોધ કર્યો હતો. આ પછી, યુનુસ અનેક વખત હસીના અંગે ભારત વિરુદ્ધ ઝેર ઓકતા જોવા મળ્યા છે. જોકે ઇગઙ નેતા તારિક રહેમાનની બાંગ્લાદેશ મુલાકાત પછી પરિસ્થિતિ કંઈક અંશે બદલાઈ ગઈ છે.

તેમના વિદાય ભાષણ દરમિયાન, મોહમ્મદ યુનુસે ભારતનો સીધો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ તેમના સંકેતો મોટાભાગે ભારત તરફ હતા. યુનુસે નેપાળ અને ભૂટાનનો પણ ઉલ્લેખ કર્યો, પરંતુ તેમના વિશે મૈત્રીપૂર્ણ સ્વરમાં વાત કરી. તેમણે બાંગ્લાદેશને કનેક્ટિવિટીનું કેન્દ્ર ગણાવ્યું. યુનુસે કહ્યું કે તેમના કાર્યકાળ દરમિયાન બાંગ્લાદેશ વધુ મજબૂત બન્યું છે.

બાંગ્લાદેશ હવે કોઈ આધીન વિદેશ નીતિ ધરાવતો દેશ નથી કે અન્ય દેશોના આદેશો અને સલાહને આધીન નથી. દેશ હવે પોતાના નિર્ણયો લેવા સક્ષમ છે. યુનુસે કહ્યું કે તેઓ બાંગ્લાદેશના સન્માન અને હિતોના આધારે વિશ્વના તમામ દેશો સાથે સંબંધો બનાવવા માટે તૈયાર છે. તેમણે ભારતનું નામ લીધા વિના વારંવાર તેમના પાડોશી દેશને ઘેરવાનો પ્રયાસ કર્યો.

તેમના વિદાય ભાષણ દરમિયાન, મોહમ્મદ યુનુસે કહ્યું કે દેશની અંદર લોકશાહી, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મૂળભૂત અધિકારોની પ્રક્રિયાઓ પહેલા કરતાં વધુ મજબૂત બની છે.

હવે નવી સરકારની જવાબદારી છે કે તેઓ તેમને જાળવી રાખે, તેમને નષ્ટ ન કરે. શેખ હસીનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, ''તે મુક્તિનો દિવસ હતો. દેશના લોકો શેખ હસીનાથી કંટાળી ગયા હતા. લોકોએ બળવો કર્યો. તે દિવસે વિશ્વભરના બાંગ્લાદેશીઓ ખુશીના આંસુ વહાવી રહ્યા હતા. આપણા દેશના યુવાનોએ આપણને એક રાક્ષસના ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા. આ ચૂંટણીએ ભવિષ્યની ચૂંટણીઓ માટે એક મિસાલ સ્થાપિત કરી છે.''

# MPના મુસ્લિમ ધારાસભ્યની ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માંગ

નવીદિલ્હી, તા. ૧૭

મધ્યપ્રદેશ વિધાનસભામાં એક અનોખી રાજકીય ચર્ચા શરૂ થઈ જ્યારે કોંગ્રેસના એક મુસ્લિમ ધારાસભ્યએ ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ ઉઠાવી. ભાજપના એક ધારાસભ્યએ આ માંગણીનો વિરોધ કરતા કહ્યું કે આ મુદ્દા પર સર્વસંમતિ બનાવવા માટે પહેલા મસ્જિદોમાં જવું જોઈએ. કોંગ્રેસના ધારાસભ્ય આતિફ અકીલે વિધાનસભામાં પોતાનો ઠરાવ રજૂ કર્યો, જેમાં ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ કરવામાં આવી. તેમણે કહ્યું કે હિન્દુ ધર્મમાં ગાયને માતા માનવામાં આવે છે, તેથી તેને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે જો ગાય મૃત્યુ પામે છે, તો તેનો અગ્નિસંસ્કાર કરવો જોઈએ અને ચામડાનો વેપાર બંધ કરવો જોઈએ. ભાજપ પર નિશાન સાધતા આતિફ અકીલે કહ્યું, ''મારા પિતાએ પણ ૨૦૧૭ માં આવો જ એક બિનસત્તાવાર ઠરાવ રજૂ કર્યો હતો. તે સમયે ભાજપ સત્તામાં હતો, છતાં ઠરાવ પસાર થયો ન હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભાજપના શબ્દો અને કાર્યોમાં કેટલી મોટી વિસંગતતા છે.'' ભાજપના ધારાસભ્ય રામેશ્વર શર્માએ કોંગ્રેસના ધારાસભ્યની માંગણી પર તીવ્ર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું, ''આતિફ અકીલે મસ્જિદમાં જઈને મુસ્લિમ સમુદાય પાસેથી આ ઠરાવ પસાર કરાવવો જોઈએ. જો તે આમ કરે છે, તો ગાય આપમેળે રાષ્ટ્રીય પ્રાણી જાહેર થઈ જશે.'' રામેશ્વર શર્માએ પૂછ્યું, ''ગાય માતાની કતલ કરનાર કસાઈ કોણ છે? જે દિવસે બધા મુસ્લિમો મસ્જિદમાં નમાજ પછી અલ્લાહના નામે શપથ લે છે કે તેઓ કોઈપણ કિંમતે ગાયની કતલ થવા દેશે નહીં, તે દિવસે કોઈ ગાયને સ્પર્શ કરી શકશે નહીં.'' તેમણે આતિફ અકીલને મસ્જિદોમાં મૌલવીઓ સાથે પણ આ અંગે ચર્ચા કરવાની સલાહ આપી. ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા અંગે મધ્યપ્રદેશ વિધાનસભામાં ગરમાગરમ ચર્ચા થઈ. કોંગ્રેસના એક મુસ્લિમ ધારાસભ્યએ ધાર્મિક લાગણીઓનો હવાલો આપીને આ માંગણી શરૂ કરી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# જીવાદોરી

## મંગળા મા કોની જીવાદોરી બન્યાં! અને માંહિ શું કામ વિદેશથી પાછી આવી?



આવનારાં દિવસોમાં કોઈ વિશેષ દિવસ છે કે નહીં, એનું સર્ચ કરતી હતી, તો ભારતીયોનું અઢળક નાણું વિદેશમાં જાય છે, એમાંપણ ડ્રગ્સને કારણે કરોડો રૂપિયા યુવાનો બરબાદ કરે છે, અને પોતાનાં જીવનથી હાથ ધોઈ બેસે છે, એ જાણી દુઃખ થયુ. આપણાં દેશનો દરિયા કિનારો આશરે ૭૫૧૭ કિલોમીટર લાંબો છે, અને આ દરિયા કિનારેથી જ આપણાં દેશમાં ડ્રગ્સ ઘૂસે છે. ભારતનાં યુવા ધનને બરબાદ કરવાનાં ટાર્ગેટથી વિદેશો માંથી જે ડ્રગ્સ ઘૂસે છે, એ આંકડો વાંચીને આંખ પહોળી થઈ ગઈ. છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં ૯૧, ૪૫૩ કિલો ડ્રગ્સ ઝડપાયું! હજી તો હાથ ન આવ્યું હોય એ જુદું! વ્યસન અને એમાં પણ ડ્રગ્સને કારણે કેટલાંય હસતાં રમતાં પરિવારો એ પોતાની જીવાદોરી ખોઈ હશે! અને એવો જ એક કિસ્સો..

મંગલ મહેલમાં રોજ સવારે સાડા છ વાગ્યે આરતી થતી, અને પ્લીઝ સ્ટોપ ગ્રાન્ડ મા...

એમ માંહિ રાડો પાડતી... અને મંગળા મા એની પર ધ્યાન દીધાં વગર ''શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારી હે નાથ નારાયણ વાસુદેવ... એમ ગાતાં ગાતાં પોતાનાં નિત્યક્રમમાં પરોવાઈ જતાં. આમ એક જ ઘરમાં બે સાવ અલગ અલગ વિચારધારા ધરાવતી વ્યક્તિ રહેતી હતી, જેમાં એક વીસની અને બીજી સાઈઠની! થોડીવારમાં વનીતા આવી, અને ઘર સાફ કરવાં લાગી, મંગળા મા એ કહ્યું જા આ નાસ્તો બેબીને આપી આવ! એણે ઘસીને ના પાડી ને, કહ્યું એ પ્લેટ સાથે મને ધક્કો મારે છે, મારે નાસ્તો બચાવવો, પ્લેટ બચાવવી કે મને પડતા બચાવવી... હું તો નહીં જ જાઉં! મા શું તમેય આને અહીં બોલાવી! તમારુંય કેવું અપમાન કરે છે! એય વનિતા, નાની છે! અને વિદેશથી મમ્મી પપ્પાને મુકીને આવી છે ,થોડો ટાઈમ તો લાગે ને! હાં ના કરતી વનિતા નાસ્તો આપવા ગઈ!

મંગળા મા હજી જરાય મા જેવા લાગતાં નથી, તોય મા લગાડી દીધું! જોકે એને કંઈ વાંધો નહોતો. આજે અચાનક એ સફર યાદ આવી ગઈ. બાવીસ વર્ષ પહેલાં આ ઘર કેટલુ ખુશીઓથી ભરેલુ રહેતું. એકનો એક દિકરો નૈસદ પોતાની સાથે ભણતી નેત્રાને પરણીને આવ્યો! પતિ મહેશે નારાજગી બતાવી, પણ પોતે હોંશે હોંશે સ્વાગત કર્યું! ગર્ભ શ્રીમંતનું ઘર હતું, બાપ દાદા ઘણી જમીન મુકી ગયા હતા! શરુ શરુંમા બધું ઠીકઠાક ચાલ્યું! માંહિનો જન્મ પણ થઈ ગયો, હસી ખુશીમાં દિવસો જતાં હતાં, એક દિવસ મહેશે નૈસદને કડક થઈને કહ્યું કે કમાવું તો પડશે! બહું વિચારીને દિકરા વહુ બંનેનાં પાસપોર્ટ વિઝા કરાવ્યાં, અને વિદેશ મોકલી દીધાં! અને માંહિને અહીં રાખી! બંને સેટલ થાય પછી.. માંહિ પણ દાદા દાદી પાસે લાડકોડથી ઉછેરવા લાગી. ત્રણ વર્ષની થઈ ત્યારે ત્યાં લઈ ગયા! પછી જીવન વસમું થયું! મહેશ શ્રીધામ ચાલ્યાં ગયા! પોતાને પણ ઘણાં એક્સિડન્ટ થયાં, પણ દર વખતે જીવતદાન મળ્યું! મારે લાયક હજી શું કર્મ બાકી છે? નક્કી કોઈની જીવાદોરી બનવાનું હશે, એટલે જ ઈશ્વર મને જીવાડે છે! અને જો આ માંહિ..

એક દિવસ નૈસદનો ફોન આવ્યો, અને કહ્યું કે મા માંહિ ડ્રગ્સનાં રવાડે ચડી ગઈ, અને ડ્રગ્સ માફિયા સાથે હતી, ત્યાં પોલીસ આવી,અને એણે માંહિ ડ્રગ્સ રેકેટ ચલાવે છે, એવું કહ્યું. અહીંની સરકાર એની માટે બહુ કડક છે! માંડ માંડ છોડાવી! અને પોતાનાં મોઢામાંથી નીકળી ગયું કે, એને અહીં મોકલી દે! હું સંભાળી લઈશ. ત્યાંની જેલમાં પંદર દિવસ કાઢ્યા હતાં, એટલે માંહિ પણ અહીં આવવા માની ગઈ! પણ વ્યસનની તડપ વધે ત્યારે, તોડફોડ કરે, અને કોઈને પણ ધક્કો મારી દે! આજે એને ડો મંદાર પાસે લઈ જવાની છે! એટલે પોતે જ એનાં રુમમાં ગયાં! ત્યાં જે દ્રશ્ય જોયુ એ જોઈને એ હેબતાઈ ગયા! માંહિ બેહોશ પડી હતી, અને લોહી નીકળતું હતું. બાજુમાં નાસ્તાની પ્લેટ એમનેમ પડી હતી, નક્કી વનિતા આવી ત્યારે એ સૂતી હશે! પણ પછી શું થયું? એ સમય બગાડ્યા વગર એમ્બ્યુલન્સમાં માંહિ ને લઈને હોસ્પિટલ આવ્યા!

લગભગ એક કલાક ને અંતે ડો મંદાર એ મંગળા મા ને બોલાવ્યાં, અને કહ્યું કે ડ્રગ્સ ન મળવાને કારણે પેનિક થઈને, પોતાના હાથને બટકા ભર્યા એમાં હાથની મેઈન નસ ડેમેજ થઈ ગઈ, એટલે આટલુ બધું લોહી નીકળ્યું! અને તમને એમ કે એણે આત્મહત્યાની કોશિશ કરી છે! પણ હવે એની પર વોચ રાખવો પડશે, એનું ધ્યાન ડ્રગ્સ ઉપરથી હટાવવા બીજું કંઈક કરવું પડશે! આન્ટી આપને વાંધો ન્હોય તો હું આજે એક સંગીત કોન્ટેસ્ટમાં જાઉં છું ત્યાં એને લઈ જાઉં! એને ગમે તે ભોગે માંહિને આ ડ્રગ્સનાં ભરડામાંથી બહાર લાવવી હતી એટલે એણે હાં કહી!

ડો મંદાર પણ એકદમ યંગ હતો, અને પોતે પણ એકવાર એક પરીક્ષામાં ફેઈલ થયો, ગર્લ ફ્રેન્ડ છોડી ગઈ, ત્યારે ડિપ્રેશ થઈ અને.. એનો ફ્રેન્ડ રવિ ન્હોત તો આ માર્ગે જ.... અને એટલે એણે માંહિને આ માર્ગેથી પાછી વાળવા નક્કી કરી લીધું હતું..

મંદાર જાણતો હતો કે આ ઉંમર જ એવી હોય, જ્યારે યુવાન કે યુવતી અમુક પ્રકારની હુંફ મેળવવાં ઝંખતા હોય! અને એ સમયે કુસંગત થઈ જાય તો પછી આવું થાય.. એની માટે એને આ ડોક્ટરમાંથી માંહિનાં ફ્રેન્ડ બનવું પડશે! સંગીત કોન્ટેસ્ટમાં ગયા પછી મંદાર ને માંહિ એ વાત કરી કે પોતે પિયાનો આર્ટિસ્ટ છે, અને એક બેન્ડમાં જોઈન્ટ થઈ, તો એનાં પપ્પા એ આવાં શોખ સારા ઘરની દિકરીને ન્હોય! કરી બેન્ડ છોડાવી દીધું. ઘરે એ પિયાનો વગાડતી પણ મમ્મી પપ્પાને એનાં કામ અને કલબ માંથી સમય જ ન્હોતો મળતો! કોઈપણના ગુણની કદર થાય, પ્રોત્સાહન મળે, તો એનાં દુર્ગુણને બઢાવો મળતો બંધ થાય, અને એ રીતે જ મંદારે એને પ્રોત્સાહિત કરી, ક્યારેક એકાંતમાં, તો ક્યારેક ફ્રેન્ડ સર્કલ વચ્ચે, એનાં શોખ અને કાબેલિયત ને દાદ અપાવી! આમ એમ કહો એ હવે ધીરેધીરે નોર્મલ થતી જતી હતી, અને દિવસનાં ત્રણ ચાર વખતની બદલે હવે એ અઠવાડિયે દસ દિવસે ડ્રગ્સ માટે પેનિક થતી! ડો મંદાર મંગળા મા ની ખાસ સહેલી ભૈરવીની દિકરીનો દિકરો હતો! અને બંને એવું ઇચ્છતાં હતાં કે પોતાનાં દિકરા દિકરીનાં લગ્ન તો ન થયાં, પણ આ સંબંધ થાય તો સોનામાં સુગંધ ભળે! પરંતુ મંગળા મા ને થયું કે મંદાર માંહિ વિશે બધું જ જાણે છે તો હવે એ થોડો હા પાડે!

બીજે દિવસે સવારે ભૈરવી સાથે મંદાર આવ્યો અને ભૈરવી એ મંદાર માટે માંહિ ની વાત કરી! અને બરોબર ત્યારે જ માંહિ ડ્રગ્સ માટે પેનિક થઈ! વનિતાને ધક્કો માર્યો, એટલે મંદાર ગયો, અને એણે એને આલિંગન આપતા કહ્યું રિલેક્સ માંહિ! થોડીવારે માંહિ શાંત થઈ, ત્યારે મંદાર એ કહ્યું માંહિ આઈ લવ યુ! યુ મેરી મી! અને માંહિ લજવાઈને દાદી પાછળ સંતાઈ ગઈ! પછી માંહિ એ ક્યારેય ડ્રગ્સને યાદ કર્યું નહીં! કારણ કે એણે ઈચ્છેલા આત્મિય જનની હુંફ એને મળી ગઈ!

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નસ્ત્રસમૃદ્ધિ માટે સહકારસ્ત્રસ્ત્ર કાર્યક્રમની કરી અધ્યક્ષતા

# PMના નેતૃત્વમાં દેશ કરે છે પ્રગતિ : શાહ

### તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે સહકાર મંત્રીનો વિચાર વિમર્શ

ગાંધીનગર, તા. ૧૭

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં નસ્ત્રસહકાર સે સમૃદ્ધિસ્ત્રસ્ત્ર અભિયાન હેઠળ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે વિચારમંથન સત્રની અધ્યક્ષતા કરી હતી. વિચારમંથન સત્ર દરમિયાન, કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહે ઈથેનોલ, ઉર્જા, ઓર્ગેનિક પોટાશ, વેરહાઉસ અને પ્રોટીન પાવડર પ્લાન્ટ સંબંધિત ₹૨૬૫ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે એક પ્રદર્શનની પણ મુલાકાત લીધી અને સહકારી સંસ્થાઓમાં શ્રેષ્ઠ પ્રથાઓ અને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ પર એક અહેવાલ રજૂ કર્યો. આ પ્રસંગે કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી શ્રી કૃષ્ણ પાલ ગુર્જર અને શ્રી મુરલીધર મોહોલ અને સહકાર મંત્રાલયના સચિવ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યો છે. આપણે સૌર ઉર્જામાં વિશ્વમાં બીજા સ્થાને પહોંચી ગયા છીએ, શરૂઆતથી જ ગ્રીન હાઇડ્રોજનમાં આગળ છીએ, અને અઈ એક ઉભરતું ક્ષેત્ર છે, અને આપણે શરૂઆતથી જ તેમાં પણ આગળ છીએ. આપણે ટેલિકોમમાં બીજા સ્થાને પહોંચી ગયા છીએ. પાંચથી છ વર્ષમાં, આપણે વિશ્વના ત્રણમાંથી એકથી સંરક્ષણમાં એક સ્થાન મેળવીશું. આપણે હવે એવા ક્ષેત્રમાં અગ્રણી છીએ જે આગામી પચીસ વર્ષ માટે વૈશ્વિક અર્થતંત્રની દિશા નક્કી કરશે. તેમણે જણાવ્યું હતું કે આ વિચારમંથન સત્ર એટલા માટે યોજાઈ રહ્યું છે કારણ કે આપણે ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા માંગીએ છીએ, અને




સંપૂર્ણ વિકસિત દેશનું વિઝન ફક્ત આર્થિક આંકડા પૂરતું મર્યાદિત નથી. તેમણે જણાવ્યું હતું કે સંપૂર્ણ વિકસિત ભારતનો અર્થ એ છે કે ૧.૪ અબજ લોકો ગૌરવ સાથે જીવી શકે. તેમણે જણાવ્યું હતું કે ફક્ત સહકારી જ ભારતના દરેક પરિવાર અને દરેક વ્યક્તિ માટે ગૌરવ સાથે જીવવાનું સાધન બની શકે છે. શ્રી અમિત શાહે કહ્યું કે જ્યાં સુધી આપણે કૃષિ, ગ્રામીણ વિકાસ અને પશુપાલન ક્ષેત્રોને મજબૂત ન બનાવીએ ત્યાં સુધી દેશનો સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરી શકાતો નથી. તેમણે કહ્યું કે આ પ્રયાસને સફળ બનાવવા માટે આપણે બધાએ ખંતપૂર્વક કામ કરવું જોઈએ. તેમણે કહ્યું કે આપણે છેલ્લા ચાર વર્ષથી દેશના સહકારી ક્ષેત્રને આગળ વધારવા માટે વૈજ્ઞાનિક રીતે કામ કરી રહ્યા છીએ, અને પરિણામો હવે દેખાઈ રહ્યા છે.

કેન્દ્રીય સહકાર મંત્રીએ સહકારીની સ્વીકૃતિ વધારવા માટે ચાર મુખ્ય પરિબળો પર ભાર મૂક્યો. સૌપ્રથમ, ખાદ્ય સંગ્રહના મહત્વ પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે હાલમાં ભારતમાં સંગ્રહ સુવિધાઓ અનાજ ઉત્પાદનના આશરે ૩૦ ટકા છે, જેને આગામી વર્ષોમાં લગભગ ત્રણ ગણી વધારવાની જરૂર છે, જેમાં સહકારી ક્ષેત્રે આ જવાબદારીનો બમણો ભાગ ઉઠાવવો પડશે. તેમણે કહ્યું કે આ દરેકની જવાબદારી છે, ફક્ત પીએસીએસ નહીં. તહેસીલ સહકારી ડેરીઓ, રાજ્ય-સ્તરીય માર્કેટિંગ ફેડરેશન, જિલ્લા સહકારી બેંકો અને જિલ્લા વેચાણ-ખરીદી યુનિયનો બધાએ મોટા વેરહાઉસ બનાવવા જોઈએ. તેમણે કહ્યું કે આનું બીજું પાસું એ છે કે આપણા અનાજનો ૭૦ ટકા ભાગ ઉત્તર ભારત - પંજાબ અને હરિયાણામાંથી મેળવવામાં આવે છે. મારું માનવું છે કે જો અનાજ અહીંથી મેળવવામાં આવે, અહીં સંગ્રહિત કરવામાં આવે અને અહીંથી વિતરણ કરવામાં આવે, તો આપણે પરિવહન ખર્ચમાં ઓછામાં ઓછા ૩૦-૪૦ ટકા બચાવી શકીએ છીએ. દેશભરમાં સંગ્રહ પ્રણાલીઓ સંરેખિત અને સુલભ હોવી જોઈએ. બીજું, ગોળતા પર ભાર મૂકતા, શ્રી અમિત શાહે કહ્યું કે ઈથેનોલને કારણે, ખાંડ મિલોની કાર્યક્ષમતા હવે ઉત્પાદકોના હાથમાં આવી ગઈ છે. તેમણે તમામ રાજ્યોને બંધ ખાંડ મિલોને ફરીથી શરૂ કરવા માટે પ્રયાસો કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે અમે તાજેતરમાં એક રાષ્ટ્રીય સહકારી સંસ્થાની રચના કરી છે. જે ખાંડ મિલો આર્થિક રીતે નબળી છે અને ઈથેનોલ પ્લાન્ટ સ્થાપી શકતી નથી, તેમણે ખાંડ મિલમાંથી ખાતર બનાવવાની પ્રક્રિયા અલગથી પૂર્ણ કરવી જોઈએ; તેમણે ખાંડ મિલમાંથી ગેસ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી જોઈએ જેથી ભવિષ્યમાં, ખાંડ મિલમાંથી અગિયાર વિવિધ પ્રકારના ઉત્પાદનોનું ઉત્પાદન કરી શકાય. આ પ્રકારનો સફળ પ્રયોગ પહેલાથી જ હાથ ધરવામાં આવ્યો છે.

### મંડલ સ્તરે પ્રશિક્ષણ વર્ગ સંપન્ન થયા બાદ ભાજપ જિલ્લા-મહાનગર સ્તરે પ્રશિક્ષણ વર્ગો યોજશે

# સક્ષમ, વ્યવહાર કુશળ, અને ટેકનોલોજીના જાણકાર કાર્યકર્તા તૈયાર કરવાનો ઉદ્દેશ્ય

### કમલમ ખાતે ભાજપના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવ પ્રકાશજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી રહ્યા ઉપસ્થિત

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટીના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬૪ અન્વયે માહિતી આપતા પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાજપા પ્રદેશ કાર્યાલય પકમલમથ, કોબા, ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ ભાજપાના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવપ્રકાશજી અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યશાળા યોજાઈ હતી જેમાં પ્રદેશ પદાધિકારીઓ, જિલ્લા અને મહાનગરના ભાજપા અધ્યક્ષ તથા પ્રશિક્ષણ મહાઅભિયાન ટીમના સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યશાળાની શરૂઆત પ વંદે માતરમ્થ અને સમાપન પજન ગણ મનપ ના સમૂહગાનથી થયું હતુ હતું.

ડો. અનિલભાઈ પટેલના જણાવ્યાનુસાર, આ પ્રદેશ કાર્યશાળામાં ભાજપાના રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શિવપ્રકાશજીએ ભાજપાના પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત વિગતે છણાવટ કરી હતી. તેઓએ કહ્યું હતું કે, જનસંઘ થી ભાજપા સુધીની ૭૫ વર્ષની યાત્રાના મૂળમાં વિચારધારાને સમર્પિત





કાર્યકર્તાઓ છે. તેઓએ નરેન્દ્રભાઇ મોદીના પન રુકતે હૈ, ન ઝુકતે હૈ, ન ટુટતે હૈથ વાક્યને યાદ કરી કહ્યું કે, જેટલો શ્રેષ્ઠ કાર્યકર્તા, તેટલું સંગઠન વધુ પરિણામલક્ષી. પ્રશિક્ષણ કાર્યકર્તા ઘડતરનું સશકત માધ્યમ છે. વિચારધારા સાથે સક્ષમ, વ્યવહાર કુશળ, અને ટેકનોલોજીનો જાણકાર કાર્યકર્તા તૈયાર કરવો તે પ્રશિક્ષણનો ઉદ્દેશ્ય છે.

આ પ્રદેશ કાર્યશાળામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ૧૯૫૦ ના દાયકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ સશકત રાષ્ટ્રના નિર્માણ માટે યોગદાન આપવા કાર્યકર્તાઓ માટે અભ્યાસ વર્ગની શરૂઆત કરાવી હતી. આજના સમયમાં જાણકારી અને માહિતીના આધારે તર્ક ઘડાય છે ત્યારે કાર્યકર્તાઓનું પ્રશિક્ષણ થકી ઘડતર અત્યંત મહત્વપૂર્ણ છે. જનસંઘ થી આજ સુધી ભાજપામાં રાષ્ટ્રીય સ્તરની બુથ સ્તરના કાર્યકર્તાના પ્રશિક્ષણની પરંપરા ચાલતી આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની વિકસિત ભારત ૨૦૪૭ ની પરિકલ્પનાને સાકાર કરવા તેમજ માં ભારતીને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવા ભાજપાનો કાર્યકર્તા વર્તમાન સમયની બાબતો તેમજ આપણા મૂળ વિચારથી સંપૂર્ણ જાણકાર હોવો જોઈએ. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ મંડલ સ્તરે પ્રશિક્ષણ વર્ગના આયોજન સંદર્ભે જરૂરી વિષયો અંગે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત વક્તાઓએ વિવિધ વિષયોને આવરીને કાર્યશાળામાં ઉપસ્થિત સર્વેને માર્ગદર્શિત કર્યા હતાં. પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવે એ કાર્યશાળાનું સંચાલન કર્યું હતું.

### કિસાનપરા ચોક, આલાબાઈના ભઠ્ઠા સહિત ત્રણ સ્થળે તપાસ

# ફુડ શાખાએ પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના લીધા છ નમુના

રાજકોટ , તા. ૧૭

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત કુલ ૩ પેઢીઓની ચકાસણી કરી ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના કુલ ૬ નમૂના લેવામાં આવ્યા હતા જેમાં મહાવીર એજન્સી, શક્તિ કોલોની -૨, લંડન આઇ પાસે, કિસાનપરા ચોક પાસે , એસએસડીએન ગ્લોબલ ટ્રેડિંગ પ્રા. લિ. કિશનપરા -૪, અને અંબિકા એન્ટરપ્રાઇઝ, આલાબાઈના ભઠા પાસે, ૨૭-જાગનાથને ત્યાં થી અલગ અલગ નમુના લેવાયા હતા .

ફૂડ વિભાગની ટીમ દ્વારા ≈≈≈ વાન સાથે શહેરના મોચી નગર મેઇન રોડ- બજરંગવાડી વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં ૨૪ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી . જેમાં ૧૨



ધંધાર્થીઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. જેમાં હિન્દ બેકરી, જય સોમનાથ પૂરી શાક, ખોડિયાર ફાસ્ટફૂડ -ક્રિષ્ના જનરલ સ્ટોર્સ આવકાર પ્રોવિઝન સ્ટોર ,ન્યુ ગણેશ મેડિકલ, માં મેડિકલ, મારુતિ દાળપકવાન, બાલાજી સેન્ડવિચ જય સોમનાથ ઘૂઘરા રાધે ફરસાણ અને રામ ખમણનો સમાવેશ થાય છે. - જ્યારે આનંદ જનરલ સ્ટોર્સ, શ્રી અમૃત ડેરી ફાર્મ, ક્રિષ્ના ફરસાણ , જય ભવાની કોલ્ડ્રીક્સ ,બજરંગ પ્રોવીઝન સ્ટોર્સ, બજરંગ જનરલ સ્ટોર્સ મહેરાજ ફરસાણ, બાલાજી ફરસાણ ,વરિયા ખમણ, ગજાનન સોડા શોપ, જડેશ્વર સેલ્સ એજન્સી અને જલારામ ખમણની ચકાસણી કરવામાં આવી હતી.

# ચૂંટણી પહેલાનું મનપાનું અંતિમ બજેટ બોર્ડ

### કમિશનર દ્વારા સુચવાયેલા બજેટ અને સ્ટેન્ડિંગ કમિટીએ કરેલા સુધારા વધારા સાથે નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર રજુ કરશે

રાજકોટ, તા. ૧૭

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ રજૂ કરેલા અને સ્ટેન્ડિંગ કમિટીએ સુધારા વધારા સાથે મંજૂર કરેલા નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ આવતીકાલે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીને ઠાકર દ્વારા બજેટ બોર્ડમાં રજૂ કરવામાં આવશે. મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાનું આ અંતિમ બજેટ બોર્ડ છે.

આજે મળનારી બજેટ બેઠકમાં સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર શેર શાયરીની પરંપરા જાળવી રાખશે. બજેટ બેઠક હોવાથી તેમાં પ્રજાકિય પ્રશ્નોની ચર્ચા નહીં થાય એટલું જ નહીં વિપક્ષી સભ્યોને પણ બજેટ ચર્ચામાં ભાગ લેવાનો મોકો આપવામાં નહીં આવે.

નવા વર્ષના બજેટમાં રેસકોર્સ બ્યુટીફીકેશન, નવા બ્રીજના પાયલોટ સ્ટડી, પાણી વિતરણનું



મોનીટરીંગ, સીનીયર સીટીઝનના નામે વૃક્ષારોપણ, નાના મવા બ્રીજ નીચે ગેમ ઝોન સાથે કાફેટેરીયા, ઈલે. બસના ચાર્જીગ સ્ટેશન બનાવાશે. તો પીપીપીના ધોરણે સેન્ટ્રલ ઝોન બિલ્ડીંગના રીનોવેશન, નમોવન, વોર્ડ નં.૧૨માં નવો સ્વીમીંગ પુલ, વેસ્ટ ઝોનમાં નવું શોપીંગ સેન્ટર અને ફુડ ઝોન, મહિલા સુરક્ષીત સફર યોજના, લગ્ન નોંધણી ઓનલાઇન, ૬૦ એલઇડી બોર્ડ, કોમ્યુનિટી હોલ બુકીંગમાં સરળતા જેવી જોગવાઇ દાખલ કરાઇ છે. મહિલાઓને રૂા. એક હજારમાં પુરૂ વર્ષ સીટી બસ અને બીઆરટીએસમાં ફ્રી મુસાફરી, ત્રણે ઝોનમાં એક-એક મહિલાઓ માટેની અને લેડીઝ ડ્રાઈવર-કન્ડકટર સાથેની પિંક બસ મુકવા પણ જાહેરાત કરાઇ છે.હવે ચાલુ પાંચ વર્ષની ટર્મનું આ અંતિમ જનરલ બોર્ડ છે. તેમાં બજેટ સિવાયની કોઇ ચર્ચા કે પ્રશ્નોત્તરી હોતા નથી.

આમ છતાં બજેટ અને વિકાસ કામોને લઇને ભાજપ-કોંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે રાજકીય ટકરાવ થશે તે નક્કી છે.

આજે મળનારી બજેટ બેઠકમાં ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ-૯૪ હેઠળ રજુ કરવાના થતા રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના આવક-ખર્ચના વાર્ષિક અ હિસાબો તથા ડિજિટલાઈઝ્ડ ફોર્મમાં જાળવેલા આનુષંગીક રેકર્ડ/દસ્તાવેજો/વાઉચર્સ વગેરેને મંજુરી આપવા તથા આ વર્ષો દરમિયાન કરવામાં આવેલ રોકાણો તથા લેવામાં આવેલા ધિરાણોને મંજૂરી આપવા તેમજ ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ-૯૫ મુજબ મહાનગરપાલિકાનું નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬નું રિવાઈઝ્ડ અંદાજપત્ર તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર મંજુર કરવા, આગામી નાણાંકીય વર્ષ ૨ ૨૦૨૬-૨૭ માટે સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા, પાણી દર નિયત કરવા, ડોર ટુ ડોર ગાર્બેજ ક્લેકશન ચાર્જ નિયત કરવા, ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્સ નિયત કરવા, વાહન કર નિયત કરવા,થિએટર ટેક્ષ નિયત કરવા, મિલકત વેરામાં વળતર યોજના અમલી કરવા, ઓનલાઈન પેમેન્ટમાં વળતર આપવા, એન્વાયરમેન્ટ ચાર્જ નિયત કરવા, અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭નું વાર્ષિક અંદાજપત્ર મંજુર કરવા અંગે નિર્ણય લેવામાં આવશે.

# રેસકોર્સનુ ગ્લો ગાર્ડન બનશે બાળકોની સ્વપન સૃષ્ટિ

### રેસકોર્સમાં રૂ. ૧ કરોડના ખર્ચે આધુનિક લાઈટિંગ બાળકો માટે મુખ્યત્વે આકર્ષણનું કેન્દ્ર બનશે

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકા દ્વારા શહેરના હૃદય સમાન રેસકોર્સ ગાર્ડન ખાતે ૧ કરોડના ખર્ચે શહેરનું સૌ પ્રથમ પગ્લો ગાર્ડનપ બનાવવાની મહત્વકાંક્ષી જાહેરાત કરવામાં આવી છે. આગામી નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં આ પ્રોજેક્ટને સ્થાન આપીને હાલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોના મનોરંજનમાં એક નવું નજરાણું ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્લો ગાર્ડન માત્ર એક બગીચો જ નહીં, પરંતુ રાત્રિના સમયે પ્રકાશ અને કલાના સમન્વયથી ઉભું કરવામાં આવેલું એક અદભૂત વિશ્વ હશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય રાજકોટના નાગરિકો અને ખાસ કરીને બાળકોને આંતરરાષ્ટ્રીય કક્ષાનું મનોરંજન પૂરું પાડવાનો છે. પ્રદ્યુમન પાર્ક, રામવન અને અટલ સરોવર જેવા સફળ પ્રવાસન સ્થળોની યાદીમાં હવે આ ગ્લો ગાર્ડનનો પણ સમાવેશ થશે, જે શહેરના પર્યટન મૂલ્યમાં વધારો કરશે.

આ ગ્લો ગાર્ડનની વિશેષતાઓ વિશે વાત કરીએ તો, અહીં અદ્યતન ટેકનોલોજી અને આધુનિક લાઈટિંગ ઈફેક્ટ્સનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. બગીચામાં વિવિધ પશુ-પક્ષીઓના વિશાળ કદના મોડેલ્સ તૈયાર કરવામાં આવશે. જે રાત્રિના ઝળહળી ઉઠશે. આ મોડેલ્સમાં વપરાતી લાઈટિંગ એવી રીતે ગોઠવવામાં આવશે કે તે કુદરતી આભા પેદા કરે. બાળકો માટે આ એક સ્વપન જેવી દુનિયા હશે, જ્યાં બગીચાના વૃક્ષો અને છોડવાઓને પણ એલ.ઈ.ડી. અને ફાઈબર ઓપ્ટિક્સ જેવી ટેકનોલોજીથી શણગારવામાં આવશે, જેથી આખું પરિસર રાત્રે દૂધિયા અને રંગીન પ્રકાશથી ઝળહળતું રહેશે.

આ ગાર્ડનનું નિર્માણ કાર્ય મે-૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ તૈયાર થયા બાદ રેસકોર્સ વિસ્તારની રોનક બદલાઈ જશે. સાંજ પછી જ્યારે શહેરની લાઈટો શરૂ થાય, ત્યારે ગાર્ડન પોતાની ખાસ લાઈટિંગ ઈફેક્ટ્સથી લોકોનું ધ્યાન આકર્ષિત કરશે. મનપા દ્વારા આ ગાર્ડનમાં સેલ્ફી પોઈન્ટ્સ, આકર્ષક વોક-વે અને બેઠક વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવશે, જેથી મુલાકાતીઓ આરામથી







આ અદભૂત નઝારાનો આનંદ માણી શકે. આ પ્રોજેક્ટ માટે રૂ. એક કરોડની રકમ ફાળવીને વહીવટી પ્રક્રિયાઓ પણ ઝડપી કરવામાં આવી છે. રેસકોર્સ ગ્લો ગાર્ડન માત્ર મનોરંજન જ નહીં, પરંતુ રાજકોટના આધુનિકીકરણ અને પસ્માર્ટ સિટીથ ના અભિગમને પણ વેગ આપશે.

ઉલ્લેખનીય છે કે મહાનગર પાલિકા દ્વારા પ્રદ્યુમન પાર્ક પાસે આકાર લઈ રહેલા લાયન સફારી પાર્કમાં પણ એન્ટ્રન્સ પ્લાઝામાં લોન એરિયા, વેસ્ટ ટુ વન્ડર, કેક્ટસ થીમ ગાર્ડન, બફર ટ્રી પ્લાન્ટેશન, ફ્લાવર બેડ, બાંબૂ ગ્રાસ થીમ ગાર્ડન, ફાઈકસ અને બોગનવેલ થીમ ગાર્ડન સહિત બટરફલાય લેન્ડસ્કેપ ડિઝાઈન જેવા વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવશે. તેમજ બોટનીકલ ગાર્ડન, નવા બગીચાઓ, અને વિવિધ સ્થળોએ બાલ ક્રિડાંગણ તથા ફિઝીકલ ફિટનેસના સાધનો મૂકવાનું આયોજન છે.

### હોળી-ધૂળેટી પર્વ ટાણે કમાઇ લેવા બૂટલેગરો બેફામઃ હેરાફેરી વખતે સર્જયો ગંભીર અકસ્માત

# દારૂ ભરેલી કાર બીજી ગાડી સાથે અથડાતા ચાલક છનન

## રાજકોટના હડમતીયા-ફાળદંગ રોડ પર વહેલી સવારે બનાવઃ ઇકોમાં બેઠેલા મહિલાને ગંભીર ઇજા-તેમના પતિ-દિકરીનો મુંઢ ઇજા સાથે બચાવઃ દોઢ લાખનો દારૂ ભરેલી કાર મુકી સ્વીફટનો ચાલક ભાગી જતાં આજીડેમ પોલીસે શરૂ કરી તપાસ






રાજકોટ,તા.૧૭

હોળી ધુળેટી પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે બૂટલેગરો, સપ્લાયરો બેફામ બન્યા છે. શહેરના યાર્ડમાં બટાટા સાથે ભરેલો સાડત્રીસ લાખથી વ ધુનો દારૂ પકડાયા પછી હવે દારૂનો જથ્થો ભરેલી કાર હંકારીને ચાલક બેફામ સ્પીડથી જઇ રહ્યો હતો ત્યારે આ કાર શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના હડમતીયા-ફાળદંગ રોડ પર સામેથી આવેલી ઇકો કાર સાથે ધડાકાભેર અથડાતાં બંને કારનો આગળના ભાગનો બૂકડો બોલી ગયો હતો. બૂટલેગરની આવી સ્પીડને કારણે ઇકો કારમાં બેઠેલા મહિલાને ગંભીર ઇજા પહોંચી હતી. જ્યારે તેમના પતિ, દિકરીનો મુંઢ ઇજા સાથે બચાવ થયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં સ્વીફટનો ચાલક ભાગી ગયો હોઇ તેની આ કારમાંથી દોઢ લાખનો દારૂ મળતાં કબ્જે કરી ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો હાલમાં તહેવારમાં કમાઇ લેવા માટે નાના મોટા બુટલેગરો ફરી સક્રિય થયા છે. આ વચ્ચે એક બૂટલેગરે હેરાફેરી કરતી વખતે પોતાની દારૂ ભરેલી સ્વીફ્ટ કારનો કાબુ ગુમાવતાં ઇકો સાથે અથડાઇ પડી હતી. આ ઘટના હડમતીયા-ફાળદંગ રોડ પર વહેલી સવારે બની હતી. આજીડેમ પોલીસે તપાસ કરતાં કારમાંથી અલગ અલગ બ્રાંડની રૂા. ૧,૫૮,૦૯૨ની ૩૯૬ બોટલ દારૂ મળી આવતાં તે તથા કાર કબ્જે તપાસ આરંભી હતી. વધુ માહિતી અનુસાર હડમતીયાથી ફાળદંગ જવાના રસ્તા પર ઇકો કાર જીજે૨૩એમ-૮૫૬૬ સાથે સફેદ રંગની સ્વીફ્ટ ડીઝાયર જીજે૦૩એચકે-૯૨૨૦ ધડાકાભેર સામેથી આવીને અથડાતાં બંને કારમાં આગળના ભાગે બૂકડો બોલી ગયો હતો.

આ અકસ્માતને કારણે ઇકો કારમાં બેઠેલા ઓગણપચાસ વર્ષના રમીલાબેન સુરેશભાઇ જાદવને ગંભીર ઇજાઓ થતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. કારચાલક તેમના પતિ પચાસ વર્ષના સુરેશભાઇ લાલજીભાઇ જાદવ અને તેમની દિકરી સત્યાવીસ વર્ષની ક્રિષ્નાબેન સુરેશભાઇ જાદવને પણ મુંઢ ઇજાઓ થઇ હતી. આ પરિવાર મુળ સાવરકુંડલાનો વતની છે અને હાલ કુવાડવા ગામ શિવધારા રેસીડેન્સીમાં રહે છે. સુરેશભાઇ પેપરડીશનો ધંધો કરે છે. દિકરાના છુટાછેડાના કેસ માટે સાવરકુંડલા પોલીસ અધિકારીને મળીને પરત આવતાં હતાં ત્યારે આ અકસ્માત સર્જાયાનું જણાવાયું હતું. રમીલાબેનને ગંભીર ઇજા પહોંચી હોઇ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં ઇમર્જન્સી વોર્ડમાં દાખલ કરાયા હતાં. આ બનાવની નોંધ હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા આજીડેમ પોલીસને કરવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર આ અકસ્માતને પગલે સ્વીફ્ટ કારનો ચાલક કાર મુકી ભાગી ગયો હતો. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ પહોંચી હતી. તપાસ કરતાં સ્વીફ્ટમાંથી દારૂનો જથ્થો મળ્યો હતો. પોલીસ કોન્સ્ટેબલ કૃષ્ણવીરસિંહ ગોહિલ, હેડકોન્સ. કુલદીપસિંહ જાડેજા, ડ્રા. કોન્સ. રમેશભાઇ સહિતના પીએસઆઇ પી. એચ. પઢેરીયા સાથે નાઇટ પેટ્રોલીંગમાં હતાં ત્યારે આ અકસ્માતની જાણ થતાં ત્યાં પહોંચી કાર્યવાહી કરી હતી. આ બનાવને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. પોલીસ પણ સ્તવરે પહોંચી ગઇ હોઇ બીજા કોઇ લોકો આ કારમાંથી બાટલીઓ કાઢી શક્યા નહોતાં. અગાઉ આવા બનાવો બન્યા ત્યારે લોકો અકસ્માત ગ્રસ્ત કારમાંથી કે વાહનમાંથી દારૂની બાટલીઓ, પેટીઓ ઉઠાવીને ભાગ્યા હોય તેવા વિડીયો વાયરલ થયા હતાં. પોલીસ કારમાં તપાસ કરતાં અંદરથી રોયલ ચેલેન્જની ૭૫૦ એમએલની ૬૮૬ બોટલો રૂા. ૧,૨૩,૪૮૦ની અને રોયલ સ્ટેગની ૭૫૦ એમએલની રૂા. ૧૯૫૭૨ની ૨૮ બોટલો તથા જ્યુબીલી સ્પેશીયલ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ચપલા નંગ ૧૮૮ રૂા. ૧૫૦૪૦ના મળી કુલ રૂા. ૧,૫૮,૦૯૨નો દારૂ મળી આવતાં તે તથા ૨,૫૦,૦૦૦ની કાર કબ્જે કરી હતી. અમુક બોટલો અકસ્માતને કારણે ફુટી ગઇ હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર અશોકસિંહ બી. જાડેજાના માર્ગદર્શનમાં પીએસઆઇ પી. એચ. પઢેરીયાએ કોન્સ. કૃષ્ણવીરસિંહ ગોહિલને ફરિયાદી બનાવી સ્વીફ્ટ કારના ચાલક સામે ગુનો નોંધ્યો હતો. કાર નંબરને આધારે ચાલક, માલિકને શોધવા પોલીસની ટીમ કામે લાગી છે. કારનો ચાલક ઝડપાયા બાદ હેરાફેરીની વધુ વિગતો બહાર આવશે.

---

### લવ થયો, મેરેજ કર્યા, ટુંકા ગાળામાં જ છુટાછેડા થયાઃ પછી પણ યુવતિને હેરાનગતિ

# પુર્વ પત્નિને ફરી પામવા જગદીશ ગુનાના રસ્તે ચડ્યો!

## પહેલા બીજા મારફત સંદેશા મોકલાવી કહ્યું-ફરીથી તું મારી પત્નિ બની જા, પછી પોતે જ રૈયા ગામે ઘરે આવ્યો અને ધમકી દીધી કે-જો તું સાથે નહિ આવે તો મારી નાંખીશ, ઉપાડી જઇશઃ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ,તા.૧૭

લવ થયા પછી મેરેજ થાય એ સારી વાત છે. પરંતુ અનેક એવા કપલ હોય છે જે લવમેરેજ પછી પોતાની લવલાઇફને યોગ્ય રીતે આગળ વધારી શકતા નથી. આ કારણે છુટાછેડા પણ થઇજતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં લવ થયા પછી લવમેરેજ કરાયા હતાં. પરંતુ ટુંકા ગાળામાં જ છુટાછેડા થઇ ગયા હતાં.

વાત હવે ત્યાં વણસી છે કે છુટાછેડા પછી પણ યુવતિને તેનો પુર્વ પતિ સતત ફરીથી પોતાની સાથે આવી જવા ફરી પત્નિ બની જવા સંદેશા મોકલે છે અને હવે તો તેણે ઘરે આવીને ઉપાડી જવાની, મારી નાંખવાની ધમકી આપી દીધી છે. ફફડી ગયેલી આ યુવતિએ રીબડા રહેતાં પુર્વ પતિ સામે એફઆઇઆર દાખલ રાવી છે.

વિગતો પર નજર કરીએ તો રૈયા ગામમાં રહેતી અને ગોંડલના રીબડાના યુવાન સાથે વર્ષ ૨૦૨૧માં પ્રેમલગ્ન કર્યા બાદ એ વર્ષમાં જ છુટાછેડા થઇ જતાં ત્યારથી માવતરે રહેતી યુવતિને રીબડા રહેતો પુર્વ પતિ વારંવાર ફરીથી પત્નિ તરીકે અપનાવવાના સંદેશા મોકલતો હોઇ અને હવે ઘરે આવી જો તું મારી ઘરે નહિ આવે તો મારી નાંખીશ, ઉપાડી જઇશ તેવી ધમકી આપતાં તેણીએ પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયા ગામમાં રહેતી રેખાબેન ઉર્ફે કાજલબેન બાબુભાઇ પરમારની ફરિયાદ પરથી રીબડા રહેતાં જગદીશ લક્ષ્મણભાઇ મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ઘરકામ કરુ છું. મેં અગાઉ પ્રેમલગ્ન કર્યા હતાં. બાદમાં છુટાછેડા થઇ ગયા હોઇ હું મારા માવતર સાથે રહુ છું. ગત ૧૦મી તારીખે રાતે નવેક વાગ્યે હું, મારા પિતા, માતા બધા ઘરે હતાં ત્યારે મારા પિતાના ફોન પર એક નંબર પરથી ફોન આવ્યો હતો અને ફોન કરનારે મારે પ્લમ્બીંગ કામ કરાવવાનું છે, તમે રૈયા સ્મશાન પાસે આવો તેમ કહેતાં મારા પિતાએ ના પાડી હતી. આ પછી થોડીવાર બાદ મારો પુર્વ પતિ રીબડા રહેતો જગદીશ લક્ષ્મણભાઇ મકવાણા મારા ઘરે આવ્યો હતો. તેની સાથે તેના મિત્ર શીવરાજભાઇ પણ હતાં.

આ પછી જગદીશે મને 'તું મારા ઘરે આવી જા અને નહિ આવ તો હું તને જાનથી મારી નાંખીશ' તેવી ધમકી આપી હતી. આ વખતે મારા મામા આવી જતાં તેણે જગદીશને સમજાવતાં તે અને શીવરાજભાઇ જતા રહ્યા હતાં. શીવરાજભાઇ સામે મારે કોઇ ફરિયાદ કરવી નથી. પરંતુ જગદીશ મને ફરીથી પત્નિ તરીકે અપનાવવા વારંવાર સંદેશા આપતો હોઇ અને હવે ઘરે આવીને ધમકી આપી હોઇ તેમજ અપહરણ કરી લઇ જવાની ધમકી પણ આપતો હોઇ ડર લાગતાં તેના વિરૂધ્ધ ફરિયાદ કરી છે. તેમ વધુમાં યુવતિએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ આઇ. એ. બેલીમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

# જંગલેશ્વરના બુટલેગરને પાસા

## ઇમરાન વિરૂધ્ધ નવ ગુનાઃ અમદાવાદ જેલહવાલે



રાજકોટ,તા.૧૭

દારૂની બદ્દી નાબુદ કરવા પોલીસ સમયાંતરે જુના બૂટલેગરો સામે પાસાનું શસ્ત્ર ઉગામે છે. વધુ એક લિસ્ટેડ બૂટલેગરને પાસા તળે જેલમાં મોકલી દેવાયો છે. જંગલેશ્વર શેરી નં. ૨ શાળા નંબર-૭૦ પાછળ નદી કાંઠે રહેતાં ઇમરાનઅલી અનીશભાઇ શેખ નામના છત્રી વર્ષના શખ્સને પાસા તાળે અમદાવાદ જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ઇમરાનઅલી લિસ્ટેડ બુટલેગર છે. તેના વિરૂધ્ધ ડીસીબી, ભક્તિનગર, બી-ડિવીઝન, એ-ડિવીઝનમાં દારૂના સાત અને હથીયારધારાના બે ગુના મળી કુલ નવ ગુના અત્યાર સુધીમાં નોંધાઇ ચુક્યા છે. લિસ્ટેડ પ્રોહીબીશન બુટલેગર એવા આ શખ્સને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત તૈયાર કરવામાં આવી હતી.

જેને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરતાં તેને અમદાવાદ જેલમાં ધકેલાયો હતો. દરખાસ્ત તૈયાર કરવાની અને વોરન્ટ બજવણી કરવાની કામગીરી પીસીબીના પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. જે. હુણ, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, રાજુભાઇ દહેકવાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કલોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવેએ કરી હતી.

---

### વધુ એક વખત ઇ-મેઇલને પગલે SOG, બોમ્બ સ્ક્વોડ, કયુઆરટીને દોડવું પડ્યું

# રાજકોટ કોર્ટને બોમ્બથી ફુંકી મારવાની ધમકી






કોર્ટના ખુણે ખુણા ચેક કરવામાં આવ્યાઃ કંઇ શંકાસ્પદ ન મળતાં સૌએ રાહત અનુભવી

રાજકોટ,તા.૧૭

છેલ્લા ઘણા સમયથી થોડા થોડા સમયના અંતરે રાજ્યની અલગ અલગ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ ઇ-મેઇલથી અપાતી રહે છે. વધુ એક વખત રાજકોટની કોર્ટને ઉડાવી દેવાની ધમકી આપતો ઇ-મેઇલ મળતાં દોડધામ મચી ગઇ હતી. જો કે તપાસને અંતે આ વખતે પણ હરવખતની જેમ કંઇ શંકાસ્પદ મળ્યું નહોતું.

વિગતો જોઇએ તો રાજકોટ સહિત રાજ્યની પાંચ શહેરની અદાલતો ને બોંબથી ઉડાવી દેવાની ઈમેલ દ્વારા ધમકી મળતા દોડધામ મચી ગઈ હતી જેમાં શહેરના જામનગર રોડ ઘંટેશ્વર નજીક નવા જિલ્લા ન્યાય કોર્ટના બિલ્ડીંગને બોમ્બથી ઉડાવી દેવાની આજે સવારે સાડા દસેક વાગ્યે ઉઘડતી કોર્ટે ઇ-મેલ દ્વારા ધમકી મળતા નાસભાગ અને અફડાતફડી મચી જવા પામી હતી. તાત્કાલિક આ અંગે કોર્ટ દ્વારા પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા એસઓજી, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્યુઆરટી ટીમ, યુનિવર્સિટી પોલીસની ટીમો પહોંચી ગઇ હતી અને હમેંશાની જેમ કોર્ટનો ખુણે ખુણો ચકાસ્યો હતો.

જો કે તપાસને અંતે કંઇપણ વાંધાજનક ન મળતાં સૌએ હાશકારો લીધો હતો. એસીપી ક્રાઇમ ભરત બસીયા કે જેઓ ડીસીપીના ચાર્જમાં હોઇ તેઓ પણ પહોંચ્યા હતાં. રાજ્યમાં બોમ્બથી ઉડાવી દેવાની ગજબની પેટર્ન જોવા મળી રહી છે. પહેલાં સ્કૂલોને મેઈલ કરવામાં આવે છે. પછી કોર્ટને ઉડાવી દેવાના મેઈલ મળી રહ્યા છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને વલસાડની કોર્ટને આજે ધમકી ભર્યા મેઈલ મળ્યા છે.રાજ્યમાં બોમ્બથી ઉડાવી દેવાની ગજબની પેટર્ન જોવા મળી રહી છે. પહેલાં સ્કૂલોને મેઈલ કરવામાં આવે છે અને પછી કોર્ટને ઉડાવી દેવાના મેઈલ મળી રહ્યા છે. રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગને પણ ઉડાવી દેવાની વારંવાર ધમકીઓ મળી હતી. આથી મોટે ભાગે દર માસે રાજકોટના કોર્ટ બિલ્ડીંગની બોમ્બ સ્કવોડ અને બોબ સ્કવોડ દ્વારા રેગ્યુલર તપાસ કરવામાં આવી રહી છે. આજે સવારે સાડા દસેક વાગે ઉઘડતી કોર્ટે રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના ઓફિશિયલ ઈમેઇલ આઇડી ઉપર ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગમાં બોમ્બ મુકવામાં આવ્યો હોવાની ધમકી મળતા જ પોલીસને જાણ કરવામાં આવી હતી. બોંબ મુકયાનો ધમકી ભર્યો ઇ-મેલ મળ્યાની જાણ થતાં જ એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, યુનિવર્સિટી પીઆઇ એચ. અને. પટેલ, તેમની ટીમો, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્યુઆરટીની ટીમો, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ, પીએસઆઇ એમ. વી. જાડેજા પણ પહોંચી ગયા હતાં અને કોર્ટ બિલ્ડીંગમાં ખુણે ખુણો ચકાસી જોયો હતો. વધુ વિગતો મુજબ ડિસ્ટ્રક્ટ કોર્ટને ઉડાવી દેવાની અગાઉ ઘણી વખત ધમકી મળી હોય કોર્ટની સલામતી વ્યવસ્થાની ચકાસણી માટે અવારનવાર મોક ડ્રીલ પણ યોજવામાં આવતી હોય છે. જો કે આ વખતે પણ અગાઉની જેમ ઇ-મેલથી ધમકી મળી હોઇ પોલીસે ગંભીરતાથી કોર્ટ બિલ્ડીંગની ચકાસણી કરી હતી. પોલીસ ટુકડીઓની કોર્ટના ખૂણે ખૂણાની તપાસ પૂરી થતાં સુધીમાં કશું પણ વાંધાજનક નહિ મળતા રાહતનો દમ લેવામાં આવ્યો હતો. બાદ કોર્ટ રાબેતા મુજબ શરૂ રહી હતી. એસીપી ભરત બસીયા હાલ ડીસીપીના ચાર્જમાં હોઇ તેઓએ પણ પહોંચીને ટીમોને ઝીણવટભરી ચકાસણી કરવા સુચન કર્યુ હતું. જો કે તપાસને અંતે કંઇ ન મળતાં સૌએ નિરાંતનો દમ લીધો હતો.

### પહેલા મિત્રતાની જાળ બીછાવી પછી ચોરીછુપીથી પાડી લીધા અંગત પળોના ફોટા

# મુકબધીર યુવતિને બ્લેકમેઈલ કરી અભડાવ્યો દેહ

### ફોટા વાયરલ કરવાની સતત ધમકી આપી બળજબરી આચરતોઃ સાઈન લેંગ્વેજ એક્સપર્ટ સમક્ષ યુવતિએ કથની વર્ણવતા જ પોલીસે કાર્યવાહી કરીઃ હવસખોર થયો જેલભેગો

રાજકોટ,તા.૧૭

દુષ્કર્મ પજવણી છેડતીની રોજબરોજ બની રહેલી ઘટનાઓમાં વધુ એક કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં મુકબધીર યુવતિને ફસાવી તેની સાથે દૂષ્કર્મ આચરી બાદમાં ફોટા પાડી લઇ તેના આધારે બ્લેકમેઇલ કરી વારંવાર દેહ પીંખી માથે જતાં સતત ધમકીઓ આપતાં હવસખોર સામે પોલીસે કાર્યવાહી કરી હતી. સાઇન લેંગ્વેજ એક્સપર્ટની મદદ લઇ પોલીસે આ કિસ્સામાં એફઆઇઆર દાખલ કરી ભોગ બનનાર મુકબધીર યુવતિને ન્યાય અપાવવાની કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના સુરતના ઇચ્છાપોર પોલીસ સ્ટેશનની હદમાં બની છે. અહિ માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી હતી. જેમાં એક મૂકબધિર યુવતીની લાચારીનો ફાયદો ઉઠાવી શખ્સે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી અભિષેક મોતીલાલ શાહની પોલીસને સાઇન લેંગ્વેજ એક્સપર્ટની મદદથી મોટી કડી મળી ને ટેકનિકલ સર્વેલન્સ સહિતની મદદથી નવસારીના વેસ્મા ખાતેથી દબોચી લીધો છે. પોલીસે અત્યંત સંવેદનશીલતા દાખવી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. કલ્પના કરો કે તમારી સાથે કંઈક અત્યંત ભયાનક ઘટી રહ્યું છે, તમે મદદ માટે બૂમ પાડવા માંગો છો પણ અવાજ નીકળતો નથી. તમે રડવા માંગો છો પણ તમારી વેદના કોઈ સમજી શકતું નથી. સુરતના ઇચ્છાપોરના ભટલાઇ ગામની એક મૂકબધિર યુવતી સાથે બરાબર આવું જ થયું.

પણ આ મૌન વચ્ચે જ્યારે મુકબધિર વિકાસ ટ્રસ્ટ અને પોલીસની સંવેદનશીલતા ભળી, ત્યારે એક એવો ન્યાય તોળાયો જેની ચર્ચા આખા સુરતમાં છે. એકવીસ વર્ષીય આરોપી અભિષેક શાહ છેલ્લા એક વર્ષથી ભોગ બનનાર યુવતીના પરિચયમાં હતો. ભોગ બનનાર યુવતી બોલી કે સાંભળી શકતી ન હોવાથી આરોપીએ તેની આ શારીરિક મર્યાદાનો ખોટો ફાયદો ઉઠાવ્યો હતો. આરોપીએ યુવતીના અંગત ફોટા પાડી લીધા હતા અને ત્યારબાદ તેને સોશિયલ મીડિયા પર વાઇરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આ ધમકીના આધારે આરોપીએ યુવતી પર વારંવાર



બળાત્કાર ગુજાર્યો હતો અને ગુનો આચરી ફરાર થઈ ગયો હતો.

ઘટના પોલીસ સુધી પહોંચતા આ કેસમાં સૌથી મોટો પડકાર ભોગ બનનાર યુવતીની આપવીતી સમજવાનો હતો. યુવતી બોલી શકતી ન હોવાથી પોલીસ માટે ઘટનાની કડીઓ મેળવવી મુશ્કેલ હતી. આ સમયે પોલીસની મદદે મૂકબધિર વિકાસ ટ્રસ્ટ આવ્યું હતું. ટ્રસ્ટના મદદનીશ શિક્ષકની વિશેષ સહાય લેવામાં આવી હતી. જેમણે સાઇન લેંગ્વેજ દ્વારા યુવતી સાથે વાતચીત કરી હતી. આ અનુવાદના આધારે યુવતીએ પોતાની સાથે થયેલા અન્યાયની વિગતવાર વિગતો આપી હતી, જેના પગલે ઇચ્છાપોર પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. આ ઘટનાની શરૂઆત એક વર્ષ પહેલા થઈ હતી. બિહારના સારણ જિલ્લાનો વતની અને શ્રમિક એવો અભિષેકકુમાર મોતીલાલ શાહ યુવતીના સંપર્કમાં આવ્યો હતો.

યુવતી બોલી કે સાંભળી શકતી નહોતી, તેથી અભિષેકે તેની નિર્દોષતાનો ગેરફાયદો ઉઠાવી વિશ્વાસ જીત્યો. પરંતુ, આ મિત્રતા પાછળ એક રાક્ષસી ઈરાદો છુપાયેલો હતો. અભિષેકે યુવતીના અંગત પળોના ફોટા ચોરીછુપીથી પાડી લીધા હતા. આ ફોટાનો આરોપીએ યુવતીનું શોષણ કરવા માટે હથિયાર બનાવીને અડપલા કર્યા. "જો તું મારી વાત નહીં માને, તો આ ફોટા આખા ગામમાં અને સોશિયલ મીડિયા પર વાઇરલ કરી દઈશઁ-આ ધમકી તેણે ઈશારાઓ અને મેસેજ દ્વારા આપી યુવતીનું માનસિક શોષણ શરૂ કર્યું અને વારંવાર તેની પર બળાત્કાર ગુજાર્યો હોત. જ્યારે આ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, ત્યારે સૌથી મોટો સવાલ એ હતો કે પીડિતા પોતાની વાત કહેશે કેવી રીતે? આ પછી પોલીસે મૂકબધિર વિકાસ ટ્રસ્ટના નિષ્ણાતોની મદદ લીધી હતી.

પોલીસે તાત્કાલિક ટ્રસ્ટના મદદનીશ શિક્ષકની મદદ લીધી હતી. રૂમમાં જ્યારે શાંતિ હતી, ત્યારે શિક્ષકના હાથના હલનચલન અને યુવતીના આંખના ઇશારાઓએ એક એવી કહાની કહી જે સાંભળીને પોલીસ પણ હચમચી ગઈ. તે માત્ર ઈશારાઓ નહોતા, પણ એક નરાધમની કરતૂતોનો જીવતો જાગતો પુરાવો હતો. શિક્ષકે યુવતીના દરેક સંકેતને શબ્દોમાં ઢાળ્યા અને પોલીસને સમજાવ્યું કે કેવી રીતે તેને ફોટા વાઈરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવામાં આવતી હતી. ટ્રસ્ટની મદદથી એકવાર હકીકત સામે આવી એટલે ઇચ્છાપોર પોલીસે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. આરોપી અભિષેક ગુનો કરીને નવસારીના વેસ્મા ખાતે નાસી છૂટ્યો હતો અને ત્યાં છુપાઈને રહેતો હતો. તેને એમ હતું કે મૂકબધિર યુવતી ક્યારેય કોઈને કંઈ કહી શકશે નહીં. પરંતુ પોલીસના ટેકનિકલ સર્વેલન્સ અને પીડિતાએ આપેલા વર્ણનના આધારે પોલીસે લોકેશન ટ્રેસ કર્યું. ઇચ્છાપોર પોલીસની ટીમે નવસારીમાં તવાઈ બોલાવી અને આરોપીને દબોચી લીધો. એક શ્રમિક યુવક જેણે માની લીધું હતું કે તે કાયદાના હાથમાંથી બચી જશે, તેને ટ્રસ્ટના એક શિક્ષકના સાઇન લેંગ્વેજના આધારે આરોપી સામે કાર્યવાહી કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. એસીપી શ્વેતા ડેનિયલે જણાવ્યું કે ઈચ્છાપોર પોલીસ સ્ટેશન દ્વારા એક યુવતી, જે ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહે છે તેની ફરિયાદ મળતા એફઆઇઆર નોંધીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. આ યુવતી સાંભળી અને બોલી શકતી નથી. તેણે પોતાની સાથે દુષ્કર્મ થયું હોવાની ફરિયાદ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં કરી હતી. અવાર-નવાર રૂબરૂ મળીને ફસાવીને કે પછી સોશિયલ મિડીયા માધ્યમથી યુવતિનો, સગીરાઓને પહેલા મિત્ર બનાવી પછી પ્રેમની જાળમાં ફસાવી બળજબરી આચરવામાં આવતી હોય છે. આ કિસ્સો પણ એવો જ હતો.

# સુરજ માતાજીના માંડવેથી ઘરે પરત ફર્યો ને આવ્યો એટેક

### દિલની દગાખોરીથી સફાઇ કામદાર મહિલા સહિત ત્રણની જિંદગી ખતમ થઇ ગઇ

રાજકોટ,તા.૧૭

બેભાન હાલતમાં મૃત્યુ અને હાર્ટએટેકથી મૃત્યુની વધુ પાંચ ઘટના બની છે. જેમાં એક ચોવીસ વર્ષનો યુવાન માતાજીના માંડવામાંથી ઘરે આવ્યા બાદ સુઇ ગયા પછી કાયમને માટે આંખ મીંચી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ચુનારાવાડમાં રહેતો સૂરજભાઇ નામનો ચોવીસ વર્ષનો યુવાન સવારે મોડે સુધી નહિ જાગતાં પરિવારજનોએ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ તબિબે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર સૂરજભાઇ એક બહેનથી મોટો હતો અને કલરકામ કરતો હતો. તેના લગ્ન નવ મહિના પહેલા જ કિંજલબેન નામની યુવતિ સાથે થયા છે. જો કે હાલ પત્નિ શીવાજીનગરમાં રિસામણે છે.

મૃતકના સગાના કહેવા મુજબ સૂરજભાઇ રાતે માતાજીના માંડવામાં દર્શન કરવા ગયો હતો અને વહેલી સવારે આવીને સુઇ ગયો હતો. મોડેથી પરિવારજને જગાડતાં નહિ જાગતાં બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થયું હતું.



બીજી તરફ દિલની દગાખોરીથી ત્રણ મૃત્યુ થયા છે. જેમાં જામનગર રોડ પર પરસાણાનગર-૧૦માં રહેતાં મનપાના સફાઇ કામદાર મહિલા મંજુબેન વેલજીભાઇ વાઘેલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. મંજુબેન વોર્ડ નં. ૯માં સફાઇ કામદાર તરીકે નોકરી કરતાં હતાં. ચાર મહિના બાદ તેઓ નિવૃત થવાના હતાં. સંતાનમાં બે દિકરા છે. પતિ નિવૃત સફાઇ કામદાર છે. પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

તેમજ ભોમેશ્વર જાગૃતી શ્રમજીવી સોસાયટીમાં રહેતાં શોભનાબેન બાલકૃષ્ણભાઇ ભોંસલે રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં બે પુત્ર છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ત્રીજા બનાવમાં મોરબી રોડ પંચશીલ સોસાયટીમાં જકાતનાકા પાસે રહેતાં નિતીનભાઇ નરસીભાઇ રાઠોડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમને તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. તે બે ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજા હતાં અને ઇમિટેશનનું કામ કરતાં હતાં. સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરી છે. બી-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુની કાર્યવાહી કરી હતી.

### દામ્પત્ય જીવનમાં તણખા ઝરે પછી વાત ટાઢી ન પડે તો વિખેરાય પરિવારનો માળો

# ફ્રીઝની વાતે પત્ની સાથે ઉકળાટ થતા પતિએ દીધો જીવ

રાજકોટ,તા.૧૭

ઘર પરિવાર સંસારમાં પતિ-પત્નિ વચ્ચે નાની મોટી વાતે તણખા ઝરતા હોય છે અને તકરાર થતી રહેતી હોય છે. પરંતુ બાદમાં ઘીના ઠામમાં ઘી પડી જતું હોય છે અને દંપતિ ફરીથી રોજીંદા જીવનમાં વ્યસ્ત થઇ જતું હોય છે. પરંતુ ઘણીવાર દંપતિ વચ્ચેની તરકાર એવી વકરી જતી હોય છે કે તેના કારણે પરિવારના માળા વિખેરાઇ જતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટમાં બની છે. જેમાં સંયુક્ત પરિવારમાંથી યુવાન પોતાના પત્નિ સાથે અલગ થયો હતો. અલગ થયા પછી પત્નિએ નવા ઘરમાં જુનુ ફ્રીઝ સાથે લઇ જવાની વાતે ગરમી પકડી લીધી હતી. પતિએ સમજાવતાં નવુ ફ્રીઝ લઇ લેવાની વાત કરી હતી. આ વાત એવી ગરમ થઇ ગઇ કે પતિએ આપઘાત કરી લીધો હતો. બીજી ઘટનામાં એક કલર કામ કરતો મજૂર ચોથા માળેની પટકાતાં મોત મળ્યું હતું.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આજીડેમ ચોકડી નજીક આવેલા માન સરોવર પાર્ક શેરી નં.૨માં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના નિતીનભાઇ ઉર્ફે કલ્પેશભાઇ કેશુભાઇ ધોળકીયા નામના યુવાને તેરમીએ ઘરે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. આજે સવારે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના યુવરાજસિંહ સહિતે આજીડેમ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. વધુ માહિતી અનુસાર આત્મહન્યા કરી લેનાર નિતીનભાઇ ઉર્ફે કશ્યપભાઇ એક બહેન અને બે ભાઇમાં નાના હતાં. તે ચામુંડા પાન નામે દુકાન ચલાવતાં હતાં.

એક વર્ષ પહેલા તેના લગ્ન થયા હતાં.



**સંયુક્ત ઘરમાંથી અલગ રહેવા ગયા હોઇ પત્નિએ જુનુ ફ્રીઝ સાથે લેવાનું કહેતાં ચડભડ થઇ અને પતિએ આપઘાત કર્યોઃ માનસરોવર પાર્કનો કરૂણ બનાવ**

તાજેતરમાં પતિ-પત્નિ સંયુક્ત પરિવારથી અલગ થઇ ઘર નજીક જ રૂમ રાખી રહેવા ગયા હતાં. પત્નિએ જુનુ ફ્રીઝ સાથે લઇ લેવા અથવા નવુ ફ્રીઝ લઇ લેવાની વાત કરતાં પતિ-પત્નિ વચ્ચે ચડભડ થઇ હતી. આ કારણે નિતીનભાઇએ ઝેરી દવા પી લીધી હતી. સારવારમાં તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ એવા તમામ દંપતિઓ માટે લાલબત્તી સમાન છે જેઓ નાની નાની વાતે ગરમી પકડી લેતાં હોય છે. આ બનાવમાં ફ્રીઝ નવા ઘરમાં લઇ જવા મામલે થયેલી પતિ-પત્નિ વચ્ચે શરૂ થયેલી ચણભણ પતિના આપઘાત સુધી પહોંચી ગઇ હતી.

અપમૃત્યુની બીજી ઘટના જોઇએ તો નવા બની રહેલા ચૌદ માળના બિલ્ડીંગમાં ચોથા માળે કલર કામ કરતી વખતે બાલ્કનીમાંથી અકસ્માતે પડી જતાં મુળ યુપીના કલર કામના કારીગર યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું છે. વગડ ચોકડી મવડી પાળ રોડ પર આ બનાવ બન્યો હતો. પોલીસ સુત્રોના કહેવા મુજબ નવા દોઢસો ફુટ રીંગ રોડ પર ગોવર્ધન ચોક નજીક ખોડીયારનગરમાં રહેતો ઓગણીસ વર્ષનો સુરજ તીલકચંદ પાલ સાંજે ચારેક વાગ્યે મવડી પાળ રોડ પર એચપી પેટ્રોલ પંપ નજીક ધ ફોર્ટીન બાંધકામની સાઇટ પાસે ચોથા માળે કલર કામ કરતો હતો.

આ વખતે અકસ્માતે પગ લપસતાં નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવારને અંતે મૃત્યુ થતાં સાથી મજૂરોમાં માતમ વ્યાપી ગયો હતો. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર સુરજ મુળ યુપીનો વતની હતો અને એક બહેનથી નાનો તથા પરિવારનો આધારસ્તંભ હતો. તે બે વર્ષથી અહિ ખોડીયારનગરમાં રૂમ પાર્ટનર સાથે રહેતો હતો અને કલર કામની મજૂરી કરતો હતો. પરિવારજનોને જાણ થતાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીએ નોંધ કરાવતાં તાલુકા પોલીસે આકસ્મીક મૃત્યુની નોંધ કરી તપાસ આગળ ધપાવી હતી. આ બનાવમાં જો બાંધકામ સાઇટ પર મજૂરોની સુરક્ષાને લઇને કોઇ વ્યવસ્થા નહિ હોય તો તે અંગે પણ કાર્યવાહી થવાની શક્યતા છે.

આપઘાતના પ્રયાસની અન્ય એક ઘટનામાં કોટડા સાંગાણીના અનીડાવાછરા ગામે રહેતાં નટુભાઇ કાનજીભાઇ દાફડા નામના બેતાલીસ વર્ષના યુવાને ઘરે લાકડાની આડીમાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. આ વખતે જ તેના પત્નિ રીટાબેન આવી જતાં જીવ બચાવી લીધો હતો. નટુભાઇને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી. નટુભાઇ ત્રણ ભાઇમાં મોટા છે અને સંતાનમાં એક દિકરો, એક દિકરી છે. પોતે કડીયા કામની મજુરી કરે છે. માનસિક ટેન્શનને કારણે પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે વિશેષ નિવેદન નોંધવા કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્નેહ, સમજદારી, સમાધાનનો અમલ ન થાય તો પ્રેમકહાનીનો આવે ખોફનાક અંજામ

# યુવતિનું મોત અકસ્માતથી નહીં પણ પ્રેમીએ પતાવી'તી

### હાઈવે પરથી મળેલી લાશ મામલે પોલીસે તપાસ આગળ વધારી અને મર્ડર મિસ્ટ્રી ખુલીઃ ઝઘડો થતાં પ્રેમિકાને ધક્કો દઇ મારી નાંખી લાશને કારની ડેકીમાં મુકી હાઈવે પર ફેંકી અકસ્માતે મોતમાં ખપાવવા પ્રેમીએ પ્રયાસ કર્યોઃ પણ પોલીસે ભેદ ખોલી જેલ ભેગો કર્યો

રાજકોટ,તા.૧૭

પ્રેમ પ્રકરણમાં પ્રેમીઓ વચ્ચે નાની નાની વાતે ઘણીવાર ચડભડ થતી રહેતી હોય છે. પરંતુ બાદમાં રીસામણા મનામણા થઇ જતાં પ્રેમ કહાની ફરી આગળ વધી જતી હોય છે. પરંતુ ઘણીવાર વાત વણસી જાય અથવા તો સહનશક્તિનો અંત આવી જાય તો પ્રેમી અથવા પ્રેમિકા એક બીજા માટે ઘાતક બની જતાં હોય છે. આ પ્રકારની અનેક ઘટનાઓ સામે આવી ચુકી છે. જેમાં વધુ એક મર્ડર મિસ્ટ્રી ઉમેરાઇ ગઇ છે. એક યુવતિની હત્યા કરી લાશ હાઇવે પર ફેંકી દેવામાં આવી હતી. શરૂઆતમાં પોલીસે અકસ્માતમાં મૃત્યુ થયાનું માનીને તપાસ આરંભી હતી. પરંતુ પોલીસ જેમ જેમ કડી મેળવી આગળ વધતી ગઈ તેમ તેમ આ બનાવ અકસ્માતનો નહિ પણ હત્યાનો હોવાનું સામે આવતું ગયું હતુ. છેલ્લે પર્દાફાશ થયો હતો કે આ યુવતિની હત્યા તેના જ પ્રેમીએ કરી હતી. બાદમાં બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્લાન ઘડી લાશ હાઇવે પર ફેંકી દીધી હતી. ઘટના પર નજર કરીએ તો ખેડા આણંદના સેવાલિયા હાઈવે પર સ્વામિનારાયણ મંદિર પાસેથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલી પૂજા પટેલ નામની પરિણીતાની લાશના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પ્રથમ દ્રષ્ટિએ હાઈવે પર અકસ્માત સર્જાયો હોય તેવું ચિત્ર ઉભું કરવામાં આવ્યું હતું, પરંતુ પોલીસની ઝીણવટભરી તપાસમાં આ બનાવ અકસ્માત નહીં પણ ઠંડા કલેજે થયેલી હત્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગણતરીના દિવસોમાં જ આ ભેદ ઉકેલી નાંખ્યો છે. આ યુવતિનું મોત વાહન અકસ્માતથમાં નહોતું થયું પરંતુ તેના પ્રેમીએ હત્યા કરી લાશ ફેંકી દીધાનું સ્પષ્ટ થતાં જ આ કેસમાં સંડોવાયેલા પ્રેમી નિલેશ પરમારને ઝડપી પાડયો હતો.

પોલીસ સુત્રોએ કહ્યું કે મૃતક અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હતો અને તેમાં થયેલા ઝઘડાને કારણે આવેશમાં આવી આ હત્યા કરાઈ હોવાની કબૂલાત આરોપીએ કરી છે. સેવાલિયા પોલીસ



સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલા હાઈવે પરથ બારમી ફેબ્રુઆરીના રોજ એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ પૂજા પટેલ તરીકે થઈ હતી. શરૂઆતમાં આ બનાવ કોઈ અજાણ્યા વાહનની ટક્કરે થયેલો અકસ્માત હોય તેમ લાગતું હતું. પણ ઘટનાસ્થળની સ્થિતિ અને મૃતદેહ પરના ઈજાના નિશાન જોઈને પોલીસને શંકા ગઈ હતી કે આ સામાન્ય અકસ્માત નથી. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી સ્થાનિક પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

જેમાં મૃતકના કોલ ડિટેલ્સ અને જે-તે સમયના લોકેશનના આધારે નિલેશ પરમારનું નામ સામે આવ્યું હતું. પોલીસે નિલેશને રાઉન્ડઅપ કરી કડક પૂછપરછ કરતા તે ભાંગી પડયો હતો અને સમગ્ર ઘટના અકસ્માત નહીં પણ હત્યા હોવાનું સ્વીકારી લીધું હતું. પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો મુજબ, મૃતક પૂજા પટેલ અને આરોપી નિલેશ પરમાર વચ્ચે પ્રેમસંબંધ હતો. બનાવના દિવસે બંને સેવાલિયામાં જલારામ મંદિરની સામે આવેલી એક ખાનગી મિલકતમાં મળ્યા હતા. અહીં કોઈ અંગત બાબતને લઈ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો એટલો વધી ગયો હતો કે નિલેશે આવેશમાં આવી જઈ પૂજાને જોરથી ધક્કો માર્યો હતો. જેના કારણે પૂજા નીચે પટકાતા તેના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને તેનું મોત નિપજ્યું હતું

આ રીતે પોતાના હાથે પ્રેમિકાનું મોત થઇ જતાં હત્યા થઇ જતાં નિલેશ ગભરાઈ ગયો હતો અને પકડાઈ જવાના ડરે તેણે લાશનો નિકાલ કરવાનો પ્લાન ઘડયો હતો. તેણે મૃતદેહને પોતાની અલ્ટો કારમાં મૂકી દીધો હતો અને સ્વામિનારાયણ મંદિર પાસેના હાઈવે પર અવાવરૂ જગ્યાએ ફેંકી દીધો હતો. જેથી લોકો અને પોલીસ આને અકસ્માત સમજે. પરંતુ પોલીસની સતર્કતાને કારણે તેનો આ પ્લાન સફળ થયો નહીં. પોલીસે આરોપીને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું છે અને હત્યા તેમજ પુરાવાનો નાશ કરવા સબબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આમ પ્રેમકહાનીનો પ્રેમિકાની હત્યા સાથે કરૂણ અને ખોફનાક અંત આવ્યો હતો. સમજદારી, સ્નેહ, સમર્પણ અને સહનશક્તિની ભાવના જો પસ્પસ્પર પ્રેમીઓમાં ન હોય તો પ્રેમકહાની સફળ થતી હોતી નથી. આ કિસ્સામાં પણ ઝઘડા બાદ સમાધાન કરવાને બદલે પ્રેમીએ ક્રોધીત થઇ પ્રેમિકાનો જીવ જ લઇ લીધો હતો. હવે તેને જેલમાં જવાની નોબત આવી છે.

SIRની અંતિમ યાદી પ્રસિદ્ધ

# રાજકોટ જિલ્લામાં ૨૦.૮૯ લાખ મતદારો

## ૩ ત્રણ લાખ મતદારોના નામ રદ, ૩૩ હજારથી વધુ નામ ઉમેરાયા : ૨૬૫૦૦ યુવા મતદારો




**વિધાનસભા વાઈઝ મતદારોની યાદી :**

૬૮ રાજકોટ પૂર્વ - ૨,૫૨,૨૫૦
૬૯ રાજકોટ પશ્ચિમ - ૨,૯૭,૭૩૩
૭૦ રાજકોટ દક્ષિણ - ૨,૦૯,૧૪૬
૭૧ રાજકોટ ગ્રામ્ય - ૩,૫૯,૬૪૮
૭૨ જસદણ - ૨,૫૮,૪૧૪
૭૩ ગોંડલ - ૨,૧૩,૦૦૮
૭૪ જેતપુર - ૨,૫૪,૬૫૫
૭૫ ધોરાજી - ૨,૪૪,૫૨૩

રાજકોટ, તા. ૧૭

સમગ્ર રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ની ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે ત્યારે રાજકોટ જિલ્લાની વાત કરવામાં આવે તો શહેર અને જિલ્લાના આઠ વિધાનસભા વિસ્તારોમાં નવી યાદી પ્રમાણે ૨૦.૮૯ લાખ મતદારો નોંધાયા છે અને જેમાંથી ત્રણ લાખથી વધુ મતદારોના નામ રદ કરવામાં આવ્યા છે તો સામે ૩૩ હજાર નવા નામોનો ઉમેરો પણ થયો છે. મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડોક્ટર ઓમ પ્રકાશ એ માહિતી આપતા જણાવ્યું હતું કે એક જાન્યુઆરી ૨૦૨૬ ની લાયકાતને ધ્યાને લઇ ૨૮ ઓક્ટોબરથી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કામગીરી શરૂ કરવામાં આવી હતી તે સમયે જિલ્લામાં ૨૩.૯૧ લાખ મતદારો નોંધાયા હતા. ચૂંટણી પંચના આદેશ બાદ એન્યુમરેસન ફોર્મ મતદારોને આપવામાં આવ્યા હતા જે કામગીરી માટે ૨૨૫૬ બુથ લેવલ ઓફિસર તથા ૨૩૩ સુપરવાઇઝરો ને યોગ્ય પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું અને તેમના દ્વારા સમગ્ર કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. તો બીજી તરફ રાજકીય પક્ષો દ્વારા કામગીરી ઝડપી થાય તે હેતુસર ૪૩૭ બુથ લેવલ એજન્ટની પણ નિમણૂક કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં ૬,૦૦૦ જેટલા બુથ લેવલ પદાનમિત અધિકારીઓ એટલે કે સ્વયંસેવકોની પણ નિમણૂક કરવામાં આવી હતી.

એટલું જ નહીં શહેર વિસ્તારમાં ૩ સેક્ટર રૂટને ધ્યાને લઈ સિનિયર નાયબ મામલતદાર કક્ષાના અને બે કર્મચારીઓને સુપરવિઝનની ફરજ સોંપવામાં આવી હતી. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ની કામગીરી હાથ ધરવામાં આવી છતાં પણ અનેકવિધ વિરોધો ઉઠવા પામ્યા હતા.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા માહિતી આપવામાં આવી હતી કે ૨૨૫૬ બી.એલ.ઓ દ્વારા ૪ નવેમ્બર થી ચાર ડિસેમ્બર સુધી ઘરે ઘરે જઈ ફોર્મ વિતરણ કરવામાં આવ્યું હતું અને મતદારોના ઘરની ત્રણ વખત મુલાકાત પણ લેવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૨ની મતદાર યાદી સાથે કુલ ૮,૨૩,૬૬૮ મતદારોએ પોતાની માહિતી આપેલી હતી. આ ઉપરાંત ૧૦,૦૬,૧૭૭ મતદારોએ પોતાની વંશાવલી દ્વારા મેપિંગ કરાવ્યું છે. જે બાદ રાજકોટ જિલ્લામાં આઠ વિધાનસભા મત વિસ્તારમાં મતદાર નોંધણી અધિકારી (ERO) દ્વારા ડ્રાફ્ટ મતદાર યાદી તૈયાર કરી ૧૯ ડિસેમ્બરના પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

જિલ્લાના ૮ વિધાનસભા મત વિસ્તારમાં ૨૦,૫૫,૩૫૭ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મુસદ્દા યાદી તા.૧૯ ડિસેમ્બરના રોજ પ્રકાશિત થયા બાદ, મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટિસ જારી કરીને, વાંધાઓ-દાવાઓ મેળવવામાં આવ્યા હતા અને મતદારોને યોગ્ય દસ્તાવેજો સાથે પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં કુલ ૩,૪૪,૫૧૩ મતદારો જેમાં નો મેપિંગ અને લોજિકલ ડિસ્ક્રિપન્સિસવાળા મતદારોને નોટિસ પાઠવવામાં આવી હતી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારી કક્ષાએથી રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા.

જે પૈકી ૩,૩૭,૩૧૦ મતદારો દ્વારા મતદારયાદીમાં નામ ચાલુ રાખવા પોતાની ઓળખના પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે ૭૨૧૦ મતદારો દ્વારા પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા ન હોવાના કારણે તેમના નામ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યા છે. વિવિધ કેટેગરી વાઈઝ જોઈએ તો ૧૮ થી ૧૯ વર્ષના ૨૬,૫૯૧ મતદારો, દિવ્યાંગ મતદારો ૧૨૯૨૯, ૮૦ વર્ષથી વધુ વયના મતદારો ૪૪૬૯૦ તો ૧૦૦ વર્ષથી વધુ વયના ૪૬૦ મતદારોનો સમાવેશ થાય છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ મતદારોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા હતા છતાં પણ વિરોધનો વંટોળ જોવા મળ્યો હતો.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન ૨૦ મીથી ગુજરાત પ્રવાસે

## અમદાવાદ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન : ધારાસભ્યો - સાંસદો સાથે કરશે વિચાર વિમર્શ

રાજકોટ, તા. ૧૭

ભાજપના નવનિયુક્ત અને યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન ૨૦મી ફેબ્રુઆરીથી ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. જે અંગે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી એટલું જ નહીં નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષને આવકારવા માટેની તમામ તૈયારીઓ હાલ પૂર્ણ કરવામાં આવી હોવાનું પણ તેઓએ જણાવ્યું હતું. નિતીન નબીન ગુજરાત આવતાની વાત થતા જ સંગઠનમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન ૨૦, ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસે આવતા હોવાથી હાલ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે અનેક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીન ૨૦ ફેબ્રુઆરીએ બપોરના ૧૨:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચશે જ્યાં તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ તેઓ સાડા ત્રણ વાગ્યે જીએસસી બેંક ખાતે ધારાસભ્યો તથા સાંસદ સભ્યો સાથે મહત્વની બેઠક યોજ છે અને ભવિષ્યની રણનીતિ અંગે વિચાર વિમર્શ કરશે ત્યારબાદ તેઓ સાંજે ૫:૩૦ વાગ્યે ગાંધીનગર ખાતે બજેટ મીટમાં પણ સંવાદ કરશે. અમદાવાદમાં તેમના સ્વાગત માટે ભવ્ય જનસભા કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને આગેવાનો હાજરી આપશે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કાર્યકર્તાઓ અમદાવાદ પહોંચે તેવી શક્યતા છે. ભાજપના સૂત્રો મુજબ, આ ત્રિદિવસીય પ્રવાસ રાજ્ય સંગઠન માટે દિશાનિર્ધારક સાબિત થઈ શકે છે અને કાર્યકર્તાઓમાં નવા પ્રાણ ફૂંકશે.

જ્યારે તેઓ ૨૧ ફેબ્રુઆરીએ સવારે ૬ વાગ્યે અટલબ્રિજ પર મોર્નિંગ વોક કરશે. ત્યારબાદ ૮:૪૫ વાગ્યે ભદ્રકાળી માતાના મંદિર ખાતે દર્શન કરશે. સવારે ૧૧ વાગ્યે કમલમ ખાતે પદાધિકારીઓ અને હોદેદારો સાથે બેઠક યોજાશે. બપોરે ૨ વાગ્યે સોશિયલ મીડિયા ટીમ સાથે સંવાદ કરશે. સાંજે ૪ વાગ્યે ગિફ્ટ સિટીમાં યોજાનાર 'યંગ વોઇસ સમિટ'માં યુવાઓને સંબોધિત કરશે અને ૫:૩૦ વાગ્યે જીએમડીસી ખાતે બૂથ સ્તરના કાર્યકરો સાથે બેઠક કરશે.

રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન ૨૨મીએ મન કી બાત કાર્યક્રમ અંતર્ગત દિલ્હી પ્રસ્થાન કરશે. હેરિટેજ ખાડિયા ખાતે પ્રધાનમંત્રીના 'મન કી બાત' કાર્યક્રમનું શ્રવણ કરશે અને બપોરે ૧૨:૩૦ વાગ્યે દિલ્હી જવા રવાના થશે. ત્રણ દિવસીય આ પ્રવાસ દરમિયાન સંગઠન મજબૂત બનાવવા અને કાર્યકરોમાં નવી ઉર્જા ભરવાનો પ્રયાસ કરવામાં આવશે. રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનનો ગુજરાત પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે ત્યારે સ્થાનિક ચૂંટણીઓની સાથો સાથ વિધાનસભા ચૂંટણીઓ માટે પણ પ્રદેશ ભાજપના ટોચના આગેવાનોને યોગ્ય માહિતગાર કરવામાં આવશે અને યોગ્ય પગલાં લેવા માટે પણ તાકીદ કરાશે. નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષના આગમન પૂર્વે જ ભાજપમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે નીતિન નબીન ને આવકારવા માટે હાલ તમામ જરૂરી પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

# પોરબંદરના દરિયામાંથી ૨૦૦ કિલો ડ્રગ્સ જપ્ત

## ગુજરાત ATS - કોસ્ટગાર્ડનું સંયુક્ત ઓપરેશન : ઈરાનથી કન્સાઈનમેન્ટ લઈ જતા બે શખ્સોની ધરપકડ

રાજકોટ, તા. ૧૭

સમગ્ર રાજ્યમાં અને દેશમાં હાલ આતંકી પ્રવૃત્તિઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે સાથોસાથ ડ્રગ્સનું દુષણ પણ સૌથી વધુ જોવા મળી રહ્યું છે ત્યારે આ વિકટ પરિસ્થિતિમાંથી દેશ અને રાજ્યને બચાવવા માટેના હાલ તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ દુષણથી યુવાનોને બચાવવા માટેના પ્રયત્નોના ભાગરૂપે હાલ સુરક્ષા એજન્સીઓ દ્વારા દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે અને કોઈપણ પ્રવૃત્તિઓ શંકાસ્પદ જણાય તો તાકીદે એક્શન લેવા માટેના આદેશો પણ આપ્યા હોવાનું હાલ માલુમ પડ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી (અઝજ) એ સંયુક્ત કાર્યવાહીમાં કરોડો રૂપિયાના ડ્રગ્સ જપ્ત કર્યા અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પર પોરબંદર નજીક બે પાકિસ્તાની નાગરિકોની અટકાયત કરી. અત્યાર સુધીમાં ૨૦૦ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, અને તપાસ ચાલુ હોવાથી ચોક્કસ જથ્થો અને કિંમત વધવાની શક્યતા છે. આ વિસ્તારમાં ડ્રગ્સની દાણચોરીની પ્રવૃત્તિ અંગેની ગુપ્ત માહિતીને પગલે દરિયાઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે અધિકારીઓ બે અટકાયતીઓની પૂછપરછ કરી રહ્યા છે અને તેના મૂળ, ગંતવ્ય અને આંતરરાષ્ટ્રીય ટ્રાફિકિંગ નેટવર્ક્સ સાથે સંભવિત લિંક્સ નક્કી કરવા માટે કન્સાઈન્મેન્ટની તપાસ કરી રહ્યા છે.

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (અઝજ) અને કોસ્ટ ગાર્ડે સંયુક્ત કાર્યવાહી હાથ ધરીને ૨૦૦ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કર્યું. આ કન્સાઈન્મેન્ટ દરિયાઈ માર્ગે ગુજરાત પહોંચવાનું હતું, પરંતુ અઝજ અને



કોસ્ટ ગાર્ડે પોરબંદરના પાણીમાં ડ્રગ્સને અટકાવ્યા. પ્રારંભિક માહિતી અનુસાર, બે વ્યક્તિઓ ઈરાનથી કન્સાઈન્મેન્ટનું પરિવહન કરી રહ્યા હતા. તેમની ધરપકડ કરવામાં આવી છે. આ ડ્રગ કન્સાઈન્મેન્ટ આજે પોરબંદર જેટી પર લાવવામાં આવશે. ગુજરાત અઝજ એ બે ઈરાની ડ્રગ સ્મગલરોની ધરપકડ કરી છે. હાલ આ મુદ્દે સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે એટલું જ નહીં દરિયાઈ વિસ્તારોથી જે ડ્રગ્સની ઘૂસણખોરી થઈ રહી છે તેને અંકુશમાં લાવવા માટે હાલ તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે અને ભવિષ્યની ચિંતા ને ધ્યાને લઈ અત્યારથી જ યોગ્ય માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટેનો તખતો સુરક્ષા એજન્સી દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

# જી.પંચાયતનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ ૧૧૯૩.૬૮ કરોડ

## પ્રાકૃતિક ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરશે જિલ્લા પંચાયત : અનેકવિધ યોજનામાં અપાતી સહાયમાં પણ વધારો

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકા ના બજેટ બાદ ગઈકાલે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક મળી હતી જેમાં આગામી નાણાકીય વર્ષ માટેનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૧૯૩.૬૮ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે અને આ બજેટ પ્રાકૃતિક ખેતી ઉપર નિર્ભર હોવાનું પણ કારોબારી અધ્યક્ષે જણાવ્યું. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ સહિત પરિવારોને પહેલા એક લાખની રકમ આપવામાં આવતી હતી તેને વધારી બે લાખ કરવાનો નિર્ણય કારોબારી સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે . સાથો સાથ મોટા ગામોમાં ગ્રામ પંચાયત કચેરીઓ પણ ઊભી કરવામાં આવશે તેવું પણ કારોબારી અધ્યક્ષ દ્વારા જણાવવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ આગામી વર્ષના બજેટમાં સૈનિક પરિવારોને પણ ધ્યાને લેવામાં આવ્યા છે અને તેઓને મળતી આર્થિક સહાય પણ બે લાખ કરી દેવામાં આવી છે.

આગામી વર્ષના બજેટમાં જિલ્લા પંચાયતના વર્ગ ત્રણ અને વર્ગ ૪ ના કર્મચારીઓ જો ફરજ દરમ્યાન મૃત્યુ પામે તો તેઓને પચાસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવતી હતી જેને વધારી એક લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. તો બીજી તરફ વિચરતી તથા વિમુક્તિ જાતિની દીકરીઓ માટે શિક્ષણ સહાય આપવાની જાહેરાત કરી છે જેમાં ૨૦ લાખ રૂપિયા શિક્ષણ સહાય પેટે જ્યારે આંગણવાડીના બ્યુટીફિકેશન માટે પણ ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટેના અનેકવિધ પ્રયાસો કરી રહ્યું છે ત્યારે આ વિચારને વધુ મજબૂત બનાવવા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને જિલ્લા તથા તાલુકા કક્ષાએ વેચાણ કેન્દ્રો ઉભા કરવા ૬૦ લાખની જોગવાઈ પણ કરવામાં આવી છે. તો બીજી તરફ આ વખતે કારોબારી ચેરમેન દ્વારા પશુ દવાખાનાની જે મિલકતો છે અને જર્જરી થઈ ગઈ હોય તેને મરામત કરવા માટે પણ દસ લાખ ખર્ચવામાં આવશે. કેન્દ્રીય બજેટ અને ખાસ તો મહાનગરપાલિકાના બજેટમાં રમતગમત ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું ત્યારે જિલ્લા પંચાયત પણ શાળાઓમાં વિજ્ઞાન મેળા તથા આધુનિક ટેકનોલોજી અને રોબોટિક્સના તાલીમ કાર્યક્રમ માટે ૭ લાખની ફાળવણી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લાને કુપોષણ મુક્ત કરવાના અભિયાન હેઠળ પ્રોટીનયુક્ત આહાર પૂરો પાડવા ૧૦ લાખની જોગવાઈ છે. આ ઉપરાંત, ડાયાબિટીસ અને લોહીની તપાસ માટેના સાધનો તેમજ ફોગિંગ મશીનો માટે ૧૮ લાખ ફાળવાયા છે. જળ સંચય અને સિંચાઈની સુવિધા માટે તળાવો-નહેરોના દેખરેખ માટે ૪૦ લાખ અને વરસાદી પાણીના સંગ્રહ માટે ૩૫ લાખ ફાળવવામાં આવ્યા છે.

બાંધકામ શાખા દ્વારા ૨૬ કામોના ટેન્ડર હેઠળ ૨૦.૩૯ કરોડ મંજૂર કરાયા છે. જેમાં ૧૫ આંગણવાડી, ૯૬ નવી ગ્રામ પંચાયત બિલ્ડિંગ અને ૦૨ રસ્તાઓના કામોનો સમાવેશ થાય છે. સમાજ કલ્યાણ શાખા હેઠળ જેતપુર તાલુકાના દેવકી ગાલોલ ગામે પછાત વસ્તીના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે રસ્તા પર પેવર બ્લોક નાખવાના કામને મંજૂરી આપવામાં આવી છે. આ માટે રાજ્ય સમકારી નિધિમાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિવિધ સમિતિના સભ્યો અને શાખાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

